**સુવિચાર**

દરેક વ્યક્તિને જીવનમાં એકવાર તો અનુભવ થાય જ છે કે લાગણી ખોટી નથી પણ ખોટી જગ્યાએ હતી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રેલનગરમાં PGVCLના ધાંધીયા અને બીજી બાજુ કોલ સેન્ટરમાં લોલમલોલ P-4

Year-16, Issue-270 ■ DATE : 28-02-2026 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઈઝરાયલનો ઈરાન પર ભીષણ હુમલો



## અમેરિકા અને ઈઝરાયલની સંયુકત કાર્યવાહી : એરપોર્ટ સહિત 30 શહેરોમાં બ્લાસ્ટ, ઈમરજન્સી જાહેર : ટ્રમ્પે ઈરાન પર હુમલાની ધમકી આપી હતી



**મુખ્ય સમાચાર, તેહરાન**

ઈઝરાયલે ઈરાનની રાજધાની તેહરાન સહિતના અનેક શહેરો પર હુમલો કર્યો છે. એક અમેરિકી અધિકારીએ અલ જઝીરાને જણાવ્યું છે કે ઈરાન પર કરવામાં આવેલા હુમલા અમેરિકા અને ઈઝરાયલની સંયુક્ત સૈન્ય કાર્યવાહીનો ભાગ છે.

આ અંતર્ગત ઈરાની સુપ્રીમ લીડર ખામેનેઈની ઓફિસ પાસે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા બાદ ઈરાની સુપ્રીમ લીડર ખામેનેઈને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ભારતીય સમય મુજબ શનિવારે સવારે થયેલા આ હુમલા બાદ શહેરોમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળી રહ્યા છે.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે ઈરાન પર હુમલાની જાણકારી આપતા તેને 'પ્રિવેન્ટિવ એટેક' ગણાવ્યો છે. તેહરાન સહિતના અનેક શહેરોમાં ધડાકા સંભળાયા છે અને હવાઈ હુમલાના સાયરન વાગી રહ્યા છે.

હુમલા બાદ ઈરાને તમામ ફ્લાઈટ્સ રોકી દીધી છે અને એરસ્પેસ સંપૂર્ણપણે ખાલી કરાવી દેવાયું છે. અહીં ઈઝરાયલમાં પણ એર એટેક સાયરન સંભળાઈ રહ્યા છે. સંવેદનશીલ વિસ્તારોને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. લોકોને ઘરોમાં રહેવાની અપીલ કરવામાં આવી છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર હુમલાની ધમકી આપી હતી. અમેરિકી સેના પહેલાથી જ ઈરાનને ચારેય બાજુથી ઘેરી ચૂકી છે. આ પહેલા શુક્રવારે અમેરિકાએ પોતાના નાગરિકોને તાત્કાલિક ઈઝરાયલ છોડવા માટે કહ્યું હતું.

તો બીજી તરફ, ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે ઈરાન પર હુમલાની જાણકારી આપતા તેને પ્રિવેન્ટિવ એટેક ગણાવ્યો છે. તેહરાન સહિત ઘણા શહેરોમાં ધમાકા સંભળાયા છે અને હવાઈ હુમલાના સાયરન વાગી રહ્યા છે.

હુમલા બાદ ઈરાને તમામ ફ્લાઈટ્સ રોકી દીધી છે અને એરસ્પેસ સંપૂર્ણપણે ખાલી કરાવી દેવામાં આવ્યું છે. અહીં ઈઝરાયલમાં પણ એર એટેકના સાયરન સંભળાઈ રહ્યા છે. સંવેદનશીલ વિસ્તારોને ખાલી કરાવવામાં આવી રહ્યા છે. લોકોને ઘરોમાં રહેવાની અપીલ કરવામાં આવી છે.

મિડલ ઈસ્ટમાં અત્યારે અમેરિકન સૈન્યની હાજરી ઘણી મજબૂત છે. મિડલ ઈસ્ટ અને પર્શિયન ગલ્ફમાં લગભગ 30,000 થી 40,000 અમેરિકન સૈનિકો તૈનાત છે. હાલમાં મિડલ ઈસ્ટમાં આશરે ૬ નૌકા સૈન્ય જહાજો હાજર છે, જેમાં ૩ ગાઈડેડ મિસાઈલ ડિસ્ટ્રોયર સામેલ છે, જે બેલેસ્ટિક મિસાઈલ ડિફેન્સ અને અન્ય ઓપરેશન્સ માટે સક્ષમ છે.

ઈરાન પર હુમલા પહેલા ઈઝરાયલમાં તૈયારીઓને સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવી હતી. ઈઝરાયલી મીડિયા 'વાયનેટ' મુજબ, છેલ્લા એક મહિનાથી ચીફ ઓફ સ્ટાફ લેફ્ટનન્ટ જનરલ એયાલ જમીર અને વાયુસેના કમાન્ડર જનરલ તોમર બાર દ્વારા ઓપરેટરો સાથે અત્યંત કડક અને ગોપનીય રીતે વ્યક્તિગત વાતચીત અને બ્રીફિંગ કરવામાં આવી હતી. આ ગુપ્ત અભ્યાસ હેઠળ, ચીફ ઓફ સ્ટાફ ગઈકાલે એક ડિનરમાં સામેલ થયા હતા. તેમણે જણાવ્યું હતું કે ભવિષ્યમાં થનારા હુમલાઓ માટે પણ તૈયાર છે. આ દરમિયાન, આઈડીએફ મુખ્યત્વે સરહદ સુરક્ષા માટે રિઝર્વ સૈનિકોની ભરતી કરી રહ્યું છે.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૧૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૮૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |






| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૪,૭૮૦ | ₹૨,૯૫,૦૦૦ |
| | +3,૧૬૦ | +૧૦,૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૦૮ | ₹૧૨૨.૭૮ |

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતમાં: સાણંદમાં સેમીકન્ડકટર સુવિધાનુ ઉદઘાટન



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે બપોરે ગુજરાતના પ્રવાસે પહોંચશે. સાણંદમાં માઈક્રોન ટેકનોલોજીની અદ્યતન સુવિધાનુ ઉદઘાટન કરશે. સેમીકન્ડકટર ક્ષેત્રે ભારતની આ મોટી છલાંગ હશે. સાણંદમાં વડાપ્રધાનનો ભવ્ય રોડ-શો પણ યોજાશે.

સાણંદમાં માઈક્રોન સેમિકન્ડક્ટર ટેકનેલોજી ઈન્ડિયા પ્રા. લિમિટેડ દ્વારા ૨૨,૫૧૬ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે. SSD અને રેમ સહિતની ચિપનું ઉત્પાદન થશે. ૫૦૦૦ લોકોને રોજગારી મળશે. જ્યારે દેશની પહેલી મેઈડ ઈન ઈન્ડિયા ચિપ ગુજરાતથી બનશે. ગુજરાતમાં માઈક્રોનની ATMP સુવિધાના શરૂ થવાથી, ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રે નવી ક્રાંતિનો શરૂ થશે.

સાણંદ ATMP સુવિધાથી પ્રથમ મેડ-ઈન-ઈન્ડિયા સેમિકન્ડક્ટર મેમરી મોડ્યુલ્સનું વ્યાવસાયિક ઉત્પાદન અને શિપમેન્ટ શરૂ થશે. સેમિકન્ડક્ટર યુનિટ પ્રોજેક્ટનું ભૂમિપૂજન સપ્ટેમ્બર ૨૦૨૩માં થયું હતું, તે ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ મંજૂર થયેલ પ્રથમ પ્રસ્તાવ હતો. રૂ. ૨૨,૫૦૦ કરોડથી વધુના કુલ ખર્ચની મંજૂરી મળ્યા બાદ તરત બાંધકામ શરૂ થયું હતું.

સાણંદમાં પ્લાન્ટ સંપૂર્ણ રીતે કાર્યરત થઈ ગયા પછી અંદાજે ૫૦૦,૦૦૦ ચોરસ ફૂટ ક્લીનરૂમ સ્પેસ ધરાવશે. જે તેને વિશ્વના સૌથી મોટા રેઝડ-ફ્લોર ક્લીન રૂમ્સમાંનું એક બનાવશે. આ સુવિધા વિશ્વભરના ગ્રાહકોને સેવા આપવા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને હાઈ-પરફોર્મન્સ કોમ્પ્યુટીંગમાં ઝડપી પ્રગતિ દ્વારા સંચાલિત મેમરી અને સ્ટોરેજ સોલ્યુશન્સ માટેની વધતી જતી વૈશ્વિક માંગને પહોંચી વળવા માટે તૈયાર કરવામાં આવી છે.

માઈક્રોનના વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ નેટવર્કમાંથી અદ્યતન ડાયનેમિક રેન્ડમ એક્સેસ મેમરી અને NAND સેમિકન્ડક્ટર વેફર્સને ફિનિશ્ડ મેમરી અને સ્ટોરેજ ઉત્પાદનોમાં રૂપાંતરિત કરશે, જે વૈશ્વિક બજારોમાં ગ્રાહકોની જરૂરિયાતો પૂરી કરશે.

# અફઘાનિસ્તાને પાક.ના સૈન્ય ઠેકાણાઓને બનાવ્યા નિશાન

**મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ**

પાકિસ્તાન અને અફઘાનીસ્તાન વચ્ચે હાલ જોરદાર જંગ છેડાઈ ગયો છે. બંને દેશો એક બીજાના સૈન્ય ઠેકાણાને નિશાન બનાવી રહ્યા છે. દરમિયાન તાલિબાન રક્ષા મંત્રાલયે એર સ્ટ્રાઈકનો એક વીડિયો શેર કર્યો છે. જેમાં પાકિસ્તાની ઠેકાણાઓ પર એક પછી એક બોમ્બવર્ષા કરાઈ રહી છે. અફઘાનિસ્તાન પાકિસ્તાનને જોરદાર જવાબ આપી રહ્યું છે. દિવસના અભ્યાસમાં હુમલા બાદ પણ તાલિબાન ચૂપ નથી, દરમિયાન અફઘાનિસ્તાનની તાલિબાનના નેતૃત્વવાળા રક્ષા મંત્રાલયે એક વીડિયો શેર કર્યો છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે એક પછી એક પાકિસ્તાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

વીડિયોમાં રાતના સમયે હવાઈ અને જમીની હુમલાના ફૂટેજ જોવા મળી રહ્યા છે. જેમાં પહાડી વિસ્તારોમાં વિસ્ફોટોની ચમક અને પાકિસ્તાની સૈન્ય ઠેકાણાઓ પર લક્ષિત હુમલા સામેલ છે, જો કે આ દ્રશ્યોની પ્રમાણિકતા અને ચોક્કસ સ્થાનની સ્વતંત્ર રીતે પુષ્ટિ નથી પરંતુ આ વીડિયો એવા સમયે આવ્યા છે, જ્યારે બન્ને તરફથી હુમલા ચાલુ છે. આ પહેલા અફઘાનિસ્તાનમાં પાકિસ્તાને વ્યાપક હવાઈ બોમ્બમારો કર્યો હતો, જેમાં ૨૯ સ્થળોને નિશાન બતાવાયા હતા. આ ઓપરેશન દરમિયાન પાકિસ્તાને ૧૩૩ના મોતનો દાવો કર્યો છે. દરમિયાન જમીયત ઉલમાએ ઈસ્લામ (જેયુઆઈ)ના પ્રમુખ મૌલાના ફજલુર રહેમાને પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની હાલત પર ચિંતા વ્યક્ત કરી છે.

# વીજ કર્મચારીઓની હડતાલ પર પ્રતિબંધ

### સ્ટ્રાઈક, કામબંધીના પ્રયાસો કાનૂની ગુનો ગણાશે



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યમાં વીજ પુરવઠો સતત અને અવરોધરહિત રહે તે હેતુસર ગુજરાત સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ વીજ ક્ષેત્રે હડતાળ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામું ૨૦ માર્ચ, ૨૦૨૬થી આગામી ૬ મહિના સુધી અમલમાં રહેશે.

સરકારે જણાવ્યું છે કે રાજ્યમાં વીજ પુરવઠો ખોરવાય નહીં અને સામાન્ય જનજીવન, ઉદ્યોગો તથા કૃષિ ક્ષેત્ર પર કોઈ અસર ન થાય તે માટે આ પગલું લેવામાં આવ્યું છે. તાજેતરમાં વીજ કર્મચારીઓ દ્વારા હડતાળની શક્યતાઓને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કડક વલણ અપનાવ્યું છે.

હેરનામા મુજબ, ESMA અમલમાં હોવા દરમિયાન કોઈપણ પ્રકારની હડતાળ, કામબંધી અથવા સેવાઓમાં ખલેલ પહોંચાડવાના પ્રયાસો કાનૂની ગુનો ગણાશે અને જવાબદાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# રાજયમાં કમોસમી વરસાદને કારણે નુકશાની પેટે ખેડુતોને ૮૭૪૦ કરોડ ચુકવાયા



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાત વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યના ખેડૂતોને ચૂકવવામાં આવેલી સહાય અંગે માહિતી આપતા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાન સંદર્ભે રાજ્યભરમાંથી અંદાજે ૩૦.૭૧ લાખ જેટલા ખેડૂતોએ અરજી કરી હતી.

જેમાંથી અત્યાર સુધીમાં અંદાજે ૩૦.૫૫ લાખ ખેડૂતોને રૂ. ૮,૭૪૦ કરોડથી વધુની સહાયની રકમ ચૂકવી દેવામાં આવી છે, જ્યારે બાકી રહેલી ટેકનિકલ ખામીવાળી અરજીઓની પૂર્તતા થતાં જ તેમને પણ તુરંત સહાયની ચૂકવણી કરવામાં આવશે.

કૃષિ મંત્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, રાજ્યમાં થયેલ અતિવૃષ્ટિ અને કમોસમી વરસાદ સામે ખેડૂતોને આર્થિક મદદ મળી રહે તે માટે રાજ્ય સરકારે રૂ. ૧૦ હજાર કરોડનું ઐતિહાસિક પેકેજ જાહેર કર્યું છે, જે અત્યાર સુધીનું સૌથી મોટું પેકેજ છે.

વધુમાં, સામાન્ય રીતે નુકસાનીના આંકલનમાં મહિનાઓ નીકળી જતા હોય છે, પરંતુ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા ખૂબ જ ટૂંકા ગાળામાં પંચરોજકામની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી તેમજ અરજી કરવાની મુદતમાં પણ વધારો કરવામાં આવ્યો હતો જેથી કોઈ પણ અસરગ્રસ્ત ખેડૂત સહાયથી વંચિત રહી જાય નહીં.

હેક્ટર દીઠ સહાય વિશે જણાવતા મંત્રી વાઘાણીએ કહ્યું હતુંકે, ખરીફ ઋતુના વાવેતરમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે SDRFના નોર્મ્સ મુજબ રૂ. ૮,૫૦૦ની સહાય તેમજ રાજ્ય બજેટ હેઠળ વધારાની રૂ. ૧૩,૫૦૦ એમ કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવી છે.

તેવી જ રીતે વર્ષાયુ/પિયત પાકોમાં SDRFના રૂ. ૧૭,૦૦૦ તથા રાજ્ય બજેટ હેઠળ વધારાની રૂ. ૫,૦૦૦ એમ કુલ રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર તેમજ બહુવર્ષાયુ પાકોમાં SDRFના રૂ. ૨૨,૦૦૦ની સહાય પ્રતિ હેક્ટર લેખે ખાતાદીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવી છે.

# પર્યટન સ્થળ માઉન્ટ આબુ બન્યુ આબુરાજ

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માએ વિધાનસભામાં ત્રણ ઐતિહાસિક શહેરોના નામ બદલવાની ઘોષણા કરી છે. આ ત્રણ નામોમાં માઉન્ટ આબુ, કામા અને જહાજપુર શહેરોનો સમાવેશ થાય છે. સરકારે તેને રાજ્યની સાંસ્કૃતિક અસ્મિતા અને ઐતિહાસિક ઓળખને પુનઃસ્થાપિત કરવાની દિશામાં એક મોટું પગલું ગણાવ્યું છે. સિરોહી જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ પર્વતીય પર્યટન સ્થળ માઉન્ટ આબુ હવે આબુરાજ તરીકે ઓળખાશે. અરવલ્લીની પર્વતપાળામાં આવેલું આ સ્થળ વર્ષોથી રાજસ્થાનનું એકમાત્ર હિલ સ્ટેશન રહ્યું છે. સરકારનું કહેવું છે કે, માઉન્ટ આબુનું નવું નામ 'આબુરાજ' એ તેની પ્રાચીન ઓળખ સાથે સંકળાયેલું છે. જેને હવે ઔપચારિક માન્યતા આપવામાં આવી છે. ભરતપુર જિલ્લાના ધાર્મિક મહત્ત્વ ધરાવતું શહેર કામા હવે 'કામવન'ના નામથી ઓળખવામાં આવશે. સરકાર અનુસાર આ નામ બ્રજ ક્ષેત્રના પ્રાચીન ધાર્મિક પરંપરાઓ સાથે જોડાયેલું છે. છેલ્લા ઘણાં સમયથી સ્થાનિકો દ્વારા આ નામને પુનઃસ્થાપિત કરવાની માગ ઉઠી રહી હતી. ભીલવાડા જિલ્લાના ઐતિહાસિક નગર જહાલપુર હવે 'યજ્ઞપુર' તરીકે ઓળખાશે.

# કેનેડાએ વિઝા પરમીટ ૫૦ ટકા ઘટાડતા ઉચ્ચ અભ્યાસનું સ્વપ્ન રોળાશે




**મુખ્ય સમાચાર, ટોરંટો**

અમેરિકાની જેમ જ હવે કેનેડામાં ઉચ્ચ અભ્યાસ માટે જનારા ગુજરાતી વિદ્યાર્થીઓમાં સતત નિરાશા વ્યાપી રહી છે. કેનેડા જઈને ભણવાનું સ્વપન જોનારા લાખો ભારતીય અને ખાસ કરીને ગુજરાતી વિદ્યાર્થીઓ માટે છેલ્લું વર્ષ અત્યંત નિરાશાજનક સાબિત થયું છે.

આંતરરાષ્ટ્રીય શિક્ષણ સલાહકાર સંસ્થા ICEF Monitorના તાજેતરના અહેવાલ અનુસાર, કેનેડાએ ભારતીય વિદ્યાર્થીઓને અભ્યાસ પરમિટ આપવામાં અચાનક ૫૦%નો ઘટાડો કર્યો છે. વર્ષ ૨૦૨૪માં જ્યાં ૧,૮૮,૨૫૫ ભારતીય વિદ્યાર્થીઓને પરમિટ મળી હતી, તેની સામે વર્ષ ૨૦૨૫ના પ્રથમ સાત મહિનામાં માત્ર ૫૨,૭૬૫ પરમિટ જ આપવામાં આવી છે. આગામી આખા વર્ષનો અંદાજિત આંકડો ૯૦,૪૫૪ની આસપાસ રહેવાની શક્યતા છે, જેનો અર્થ એ છે કે વર્ષ ૨૦૨૩ની સરખામણીમાં ૬૭.૫%નો મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર જેવા શહેરોમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ કેનેડા જવા માટે આતુર હોય છે. વાલીઓ પોતાના બાળકોનું ભવિષ્ય સુવિધા સંપન્ન દેશમાં બને તે માટે લાખો રૂપિયા ખર્ચીને કોચિંગ, IELTS, વિઝા પ્રોસેસિંગ અને એપ્લિકેશનમાં મોટું રોકાણ કરે છે. પરંતુ આ વર્ષે કેનેડા સરકારના વલણને કારણે તેમના સપના પર ફરી એકવાર પાણી ફરી વળ્યું છે.

ICEF મોનિટરના રિપોર્ટમાં વધુ ચોંકાવનારી બાબત એ છે કે જાન્યુઆરીથી જૂન ૨૦૨૫ દરમિયાન તમામ દેશોની કુલ ૧,૪૩,૪૮૫ અરજીઓ પ્રોસેસ થઈ હતી, જેમાંથી ૧,૦૪,૯૮૦ નવી અરજીઓ હતી. જોકે, આમાંથી માત્ર ૩૧,૫૮૦ અરજીઓને જ મંજૂરી મળી છે. આ આંકડા દર્શાવે છે કે વિઝા અપ્રુવલ રેટ ઘટીને માત્ર ૩૦% રહ્યો છે, જે ગત વર્ષે ૫૧% હતો.

# મહારાષ્ટ્રના દિવંગત નેતા અજીત પવાર તેમજ સુનેત્રા પવારને રૂ.૨૫૦૦૦ કરોડના બેંક ગોટાળામાં કલીનચીટ



**મુખ્ય સમાચાર, મુંબઈ**

મહારાષ્ટ્રમાં દિવંગત પુર્વ નાયબ મુખ્યમંત્રી અજીત પવાર અને તેમના પત્ની તથા વર્તમાન નાયબ મુખ્યમંત્રી સુનેત્રા પવારને રૂા.૨૫ હજાર કરોડના એમએમસી બેંક ગોટાળામાં અદાલતે કલીનચીટ આપી છે અને તેમની સામેના તમામ કેસ બંધ કરવા માટે પણ મંજુરી આપી છે.

મુંબઈની એક ખાસ અદાલતે રાજયના આર્થિક અપરાધ વિરોધી શાખા દ્વારા મહારાષ્ટ્ર સ્ટેટ કોઓપરેટીવ બેન્કમાં રૂા.૨૫ હજાર કરોડના લોન ગોટાળા કેસમાં અગાઉ સ્વ.અજીત પવાર અને તેમના પત્ની સુનેત્રા પવાર સામે જે કેસ દાખલ થયા હતા તેમાં કોઈ પુરાવા નહી હોવાનું અને સજાલાયક અપરાધ નહી હોવાનું જણાવીને પવાર દંપતિને કલીનચીટ આપી દીધી છે. આર્થિક અપરાધ વિરોધી શાખાએ દાખલ કરેલ સી-સમરી રિપોર્ટ સ્વીકારી લીધો છે. તેમની સાથે બીજા ૭૦ લોકોને પણ આ ગોટાળામાં નિર્દોષ જાહેર કર્યા છે. અગાઉ મહારાષ્ટ્રના સામાજીક કાર્યકર્તા અન્નાહજારે અને અન્ય દ્વારા દાખલ અરજીઓ પરથી ઈડીએ પણ કેસ દાખલ કર્યો હતો પરંતુ સમગ્ર તપાસ મહારાષ્ટ્રમાં આર્થિક અપરાધ વિરોધી શાખાને સુપ્રત કરવામાં આવી હતી. ૨૦૧૯માં મુંબઈ હાઈકોર્ટ દ્વારા મહારાષ્ટ્ર કોઓપરેટીવ બેંક અને અન્ય જિલ્લા બેંકોમાં રાજયના ખાંડના કારખાનાઓ કે જે મોટેભાગે પવાર ફેમીલી અને અન્ય રાજકીય નેતાઓની માલિકીવાળા છે તેમને લોન આપવામાં જબરુ કૌભાંડ થયુ હોવાનું બહાર આવ્યુ હતું. લોન મેળવ્યા બાદ ખાંડ કારખાનાની મિલ્કતો અત્યંત નીચી કીંમતે વહેંચી દેવાઈ હતી અને તેમાં ખોટી રીતે મોટો લાભ લેવાયો હતો.

જેમાં પવાર પરિવારની માલિકીની કંપનીઓ બેંક અધિકારીઓ અને અન્યની સાંઠગાંઠ હોવાનું બહાર આવ્યું હતું. પરંતુ આખરે રાજકીય રીતે અજીત પવાર અને તેનું ફેમીલી ભાજપ સાથે જોડાઈ જતા આ કલીનચીટ મળી હોવાનો આરોપ વિપક્ષે લગાવ્યો છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# મોરબીમાં ચકચારી જમીન દલાલની હત્યા કેસમાં પાંચ આરોપીઓની ધરપકડ

## પૂર્વ આયોજિત કાવતરું રચી હત્યા બાદ લાશ સળગાવી કોંક્રીટથી પાકું ધાબુ કરી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં જમીનના સોદા અને રૂપિયા ૫ લાખની લેવડદેવડના મનદુઃખે જમીન દલાલની ક્રૂર હત્યા કરાઈ હોવાનો ખુલાસો થયો છે. હત્યા બાદ પીપળી રોડ પરના બંધ કારખાનામાં ખાડો ખોદી તેમાં લાશને સળગાવી બાદ તે ખાડો બુરીને ઉપર કોંક્રીટથી પાકું ધાબુ ભરી પુરાવા નાશ કરવાનો પ્રયાસ કરાયો હતો. ત્યારે આ કેસમાં કુલ સાત આરોપીઓમાંથી પાંચની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે બે આરોપી હજુ ફરાર છે.

મોરબી શહેરમાં નોંધાયેલ જમીન દલાલ હત્યા કેસમાં પોલીસ તપાસ દરમિયાન હૃદયદ્રાવક અને ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે. મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ગુનાની તપાસ દરમિયાન જાણવા મળ્યું કે આરોપીઓએ પૂર્વ આયોજન સાથે કાવતરું રચી મૃતક તાજમહમદભાઈ ભટ્ટીને ઢોર માર મારી હત્યાને અંજામ આપ્યો હતો. હત્યા બાદ લાશને પીપળી રોડ પર આવેલ એક બંધ કારખાનામાં લઈ જઈ ખાડો ખોદવામાં આવ્યો હતો. અને ત્યારબાદ આ ખાડામાં લાકડા અને ડિઝલનો ઉપયોગ કરી લાશને સળગાવવામાં આવી અને તેના ઉપર સિમેન્ટ-કોન્ક્રીટનું પાકું ધાબું બનાવી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ ગંભીર બનાવ અંગે ડીવાયએસપી જે.એમ. આલ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજી વિગતવાર માહિતી આપવામાં આવી હતી. તપાસ દરમિયાન બહાર આવ્યું કે જમીનના સોદા અને રૂપિયા ૫ લાખની લેવડદેવડને લઈને થયેલા મનદુઃખના કારણે આ હત્યા કરવામાં આવી હતી. હત્યાના સાત આરોપીઓ પૈકી બાલુભાઈ અઘારા, થોભણભાઈ અઘારા, વિશાલ વાઘડીયા, રમેશ અઘારા અને જયદીપ સેરશીયાની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે જીતેશ જાલરીયા અને ભાવેશ અઘારા હાલ પોલીસ પકડથી દૂર છે અને તેમની શોધખોળ ચાલુ છે. પોલીસે હત્યામાં ઉપયોગમાં લેવાયેલ બે કાર, હથિયારો તેમજ અન્ય મુદ્દામાલ કબ્જે કર્યો છે. મૃતક તાજમહંમદ કરીમભાઈ ભટ્ટીના પુત્ર દ્વારા નોંધાવાયેલી ફરિયાદના આધારે પોલીસે આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. હાલ આ કેસની વધુ તપાસ બી ડિવિઝન પીઆઈ પરમાર દ્વારા ચાલી રહી છે.

# મેઘપર ઝાલા ખાતે રામદેવ પારાયણમાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાની વિશેષ હાજરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મેઘપર ઝાલા ગામે યોજાતી રામદેવ પારાયણ કથામાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકારસિંહજી વાઘેલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ભવ્ય શોભાયાત્રા અને સ્વાગત સમારોહ વચ્ચે સમાજને શિક્ષણ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ પ્રેરણા આપતો સંદેશ આપવામાં આવ્યો હતો.

મોરબી જીલ્લાના મેઘપર ઝાલા મુકામે ચાલી રહેલી રામદેવ પારાયણ કથામાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલા સહિત અગ્રણીઓની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી. કાર્યક્રમમાં શ્રી રાજપૂત કરણી સેનાના રાષ્ટ્રીય સંયોજક પ્રવિણસિંહ ઝાલા, પ્રદેશ અધ્યક્ષ વી.એસ. જાડેજા, મોરબી જીલ્લા રાજપૂત સમાજના પૂર્વ પ્રમુખ આર.કે. ઝાલા, ટંકારા તાલુકા રાજપૂત સમાજના પ્રમુખ દિગુભા ઝાલા તેમજ કાર્યકારી અધ્યક્ષ ગિરુભા ઝાલા સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે રવીરામ બાપુ રામદેવ પીર જગ્યાના મહંતશ્રીની



હાજરીમાં ભવ્ય શોભાયાત્રા યોજાઈ અને આગેવાનોનું આત્મિય સ્વાગત કરવામાં આવ્યું હતું. પોતાના ઉદબોધનમાં બાપુએ સમાજના દીકરા-દીકરીઓને ઉચ્ચ શિક્ષણ મેળવી આઈપીએસ અને આઈએએસ જેવી સ્પર્ધાત્મક સેવાઓમાં સ્થાન મેળવવા પ્રેરણા આપી શિક્ષણની જ્યોત પ્રગટાવવાનો સંદેશ આપ્યો હતો.

# જામનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ કલેક્ટર કચેરી ખાતે યોજાયો હતો. કલેક્ટરએ કાર્યક્રમ દરમિયાન નાગરિકોની વિવિધ રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી તાત્કાલિક અને અસરકારક નિરાકરણ લાવવા માટે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપી હતી.કલેક્ટરએ અરજદારો સાથે સહાનુભૂતિપૂર્વક વાતચીત કરી તેમની સમસ્યાઓની મૂળભૂત હકીકતો જાણી સ્થળ પર જ ઉકેલ લાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેઓએ જરૂર જણાયે સંવેદનશીલ અભિગમ અપનાવી કામગીરી કરવા અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું.સ્વાગત કાર્યક્રમમાં આવેલ ૧૯ પૈકી ૧૭ અરજીઓનું સ્થળ પર જ હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું હતું, જ્યારે બાકીની અરજીઓ માટે નિર્ધારિત સમયમર્યાદામાં કાર્યવાહી કરી અહેવાલ રજૂ કરવા કલેક્ટરએ જણાવ્યું હતું. આ અરજીઓમાં બળદ મૃત્યુ અંગે સહાય આપવા બાબત, સરકારી આયુર્વેદિક હોસ્પિટલ શરુ કરવા બાબત, સીસી રોડના કામ અંગે, પોલીસ વિભાગની કામગીરી, પીજીવીસીએલના વીજપોલ દુર કરવા બાબત, આરટીઓ કચેરી માંથી લાઈસન્સ મેળવવા અંગે, બોગસ વેચાણ દસ્તાવેજ અંગે, ભૂગર્ભ ગટરની કામગીરી, સોલાર સીસ્ટમનો ટેકનીકલ પ્રશ્ન, કોર્પોરેશન વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ અંગે, જીએસટી વિભાગને લગત પ્રશ્ન, જમીન રિસર્વે બાબત અંગે અરજદારોની રજૂઆત અંગે ચર્ચા કરી તેનું હકારાત્મક નિરાકરણ લાવવામાં આવ્યું હતું.સ્વાગત કાર્યક્રમ દ્વારા નાગરિકોને સીધી રીતે પોતાના પ્રશ્નો રજૂ કરવાની અને પારદર્શક પદ્ધતિથી ઝડપી નિવારણ મેળવવાની સગવડ ઉપલબ્ધ થતી હોવાને કારણે અરજદારોએ સંતોષ વ્યક્ત કરી કલેક્ટરનો અભાર માન્યો હતો.

કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, જિલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિમોહન સૈની, નિવાસી અધિક કલેક્ટર શારદા કાથડ, પ્રાંત અધિકારઓ, લગત વિભાગના અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ત્રણ વર્ષથી ફરાર એન.ડી.પી.એસ. ગુનાના આરોપીને મોરબી એસઓજીએ દબોચ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એન.ડી.પી.એસ. ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને મોરબી એસઓજી પોલીસ ટીમે બાતમીના આધારે ઝડપી લઈ હસ્તગત કરી આગળની કાર્યવાહી માટે ટંકારા પોલીસ મથકમાં સોંપી આપેલ છે.



મોરબી એસઓજી પોલીસ ટીમ દ્વારા નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવાની ઝુંબેશ અંતર્ગત એનડીપીએસના ગુનાના આરોપીને ઝડપી લેવાના આવ્યો છે, જેમાં પોલીસ મહાનિરીક્ષક, રાજકોટ વિભાગ અને મોરબી પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ એસઓજી ટીમને મળેલી બાતમીના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટંકારા પોલીસ મથકમાં વારસ ૨૦૨૩માં નોંધાયેલા એન.ડી.પી.એસ. એક્ટની કલમ મુજબના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી ફરાર આરોપી નાસીરમિયા સિકંદરમિયા મલેક ઉવ.૩૬ રહે. દાણીલીમડા અમદાવાદ મૂળરહે. ખેડા-નડિયાદ વાળાને શોધી હસ્તગત કરી, આગળની કાયદેસરની કાર્યવાહી માટે ટંકારા પોલીસને સોંપવામાં આવ્યો છે.

# ઉનાના ગાંગડા ગામમાં ગૌચર જમીન પર દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન દંપતીએ ઝેરી દવા પી લીધી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ગાંગડા ગામમાં ગૌચર જમીન પર દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન એક દંપતીએ ઝેરી દવા પી લીધી હતી. આ ઘટનાની જાણ તેના પુત્રને થતા તે ઘરેથી વાડીએ જતો હતો ત્યારે તેના પર પાંચ શખસોએ હુમલો કર્યો હતો. આ બનાવ અંગે પોલીસમાં ફરિયાદ કરાતા હુમલો કરનારા શખસો સામે ફરિયાદ નોંધી હતી અને દંપતી સહિત પુત્રને સારવારમાં ખસેડવામાં આવ્યા હતા. તાલુકાના ગાંગડા ગામે



જિલ્લા વહિવટી તંત્ર દ્વારા ગૌચરની જમીન પરનું દબાણ હટાવવા કાર્યવાહી શરૂ કરી હતી આ કાર્યવાહી દરમિયાનરામજીભાઈ ડાયાભાઈ પરમાર અને તેમના પત્ની ભાવનાબેને ઝેરી દવા પી લીધી હતી. દંપતીએ આક્ષેપ કર્યો હતો કે તંત્ર દ્વારા માત્ર અનુસુચિત સમાજને નિશાન બનાવી દબાણ દૂર કરવામાં આવી રહ્યુ છે. માતા-પિતાએ ઝેરી દવા પીધાની જાણ થતા તેમના પુત્ર પ્રવીણભાઈ તાત્કાલિક ઘરેથી વાડી જતા હતા ત્યારે રસ્તામાં ૫ જેટલા શખસોએ હુમલો કર્યો હતો. અંગે પ્રવીણભાઈએ પોલીસમાં ફરિયાદ કરતા પોલીસે રવિ ઉર્ફે ઘેલો, દસરથ જોરૂભાઈ ગોહિલ, વિનુભાઈ તખુભાઈ ગોહિલ, રાજદિપભા દદુભાઈ અને ભરતભાઈ પાંચુભાઈ જાદવ સામે ગુનો નૉધી અને પોલીસે કાર્યવાહી

# જામનગર જિલ્લાની તમામ અદાલતોમાં તા.૧૪ માર્ચના નેશનલ લોક અદાલત યોજાશે

**મુખ્ય સમાચાર, જામનગર**

નામદાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદનાં આદેશ અનુસાર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા તા.૧૪-૦૩-૨૦૨૬ નાં રોજ નેશનલ લોક અદાલત યોજવામાં આવશે.

જામનગર જિલ્લાની તમામ કોર્ટમાં ફોજદારી સમાધાનપાત્ર કેસ, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ કલમ ૧૩૮ મુજબના ચેકનાં કેસ, બેંક રીકવરી દાવા, એમ.એ. સી. પી. નાં કેસ, લેબર તકરારના કેસ, લગ્ન વિષયક તકરારના કેસ, વીજળી અને પાણી બિલ સમાધાન પાત્ર ન હોય તે સિવાયના કેસ, કૌટુંબિક તકરારના કેસ, જમીન સંપાદનના કેસ, સર્વિસ મેટરના પે અને એલાઉન્સીસ અને નિવૃતિના લાભના કેસ, રેવન્યુ કેસ ડીસ્ટીકટ કોર્ટ અને હાઈકોર્ટમાં પેન્ડીંગ હોય તે જ, અન્ય સીવીલ કેસ ભાડુઆત, સુખાધિકાર હકક, મનાઈ હુકમના દાવા, વગેરેના કેસો માટેની નેશનલ લોક અદાલતનું તા. ૧૪-૦૩-૨૦૨૬ નાં રોજ નાલ્સાના એકશન પ્લાન મુજબ આયોજન કરેલ છે.જામનગર જિલ્લાની જાહેર જનતા તથા પક્ષકારો તેઓના ઉપરોકત જણાવેલ પેન્ડીંગ કેસોમાં સમાધાનથી તકરારનું નિરાકરણ કરવા, તેઓના વિ.વકીલ મારફતે જે તે કોર્ટમાં કેસ પેન્ડીંગ હોય તે કોર્ટને કેસ લોક અદાલતમાં મુકવા સંપર્ક કરી શકશે. લોક અદાલત તકરારના સમાધાન માટે એક સુખદ નિવારણમાં ફોરમ છે. જેમાં પક્ષકાર સમાધાનથી કેસનો નિકાલ લાવી શકે છે અને તેનાથી પક્ષકારને ઝડપી ન્યાય મળી શકે છે. વધુમાં લોક અદાલતના માધ્યમથી કેસમાં સમાધાન કરવાથી લોકોને આર્થિક નુકશાની અને સમયની બચત થાય છે. લોક અદાલત અંગે કોઈપણ માહિતી મેળવવા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, જામનગરનો ફોન નં. ૦૨૮૮-૨૫૫૦૧૦૬ ઉપર સંપર્ક કરવો તેમજ દરેક જિલ્લા.તાલુકા કક્ષાની કોર્ટમાં કેસ પેન્ડીંગ હોય તો જે તે જિલ્લા.તાલુકા કોર્ટનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સતામંડળના સચિવ, સીનીયર સિવિલ જજની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વાંકાનેરમાં વીન્ડ/સોલાર લાઇનના એલ્યુમિનિયમ વાયરની ચોરી કરતી ગેંગનો પર્દાફાશ

## મોરબી ક્રાઇમ બ્રાંચે ૫ આરોપીઓને રૂ.૧૪.૧૩ લાખના મુદામાલ સાથે દબોચ્યા, હજુ પાંચ ફરાર





**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા વિસ્તારમાં વીન્ડ અને સોલાર પ્રોજેક્ટના થાંભલાઓ પરથી એલ્યુમિનિયમ વાયર ચોરી કરતી ગેંગના ચાર સભ્યો તથા ચોરીનો માલ રાખનાર સહિત કુલ પાંચ આરોપીઓને મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસે ઝડપી પાડ્યા છે. આ સાથે પોલીસે રૂ.૧૪.૧૩ લાખનો મુદામાલ કબ્જે કરી ગણતરીના દિવસોમાં ચોરીના ગુનાનો ભેદ ઉકેલી લીધો છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ગત તા.૨૬/૦૨ના રોજ વાંકાનેર તાલુકાના જુદા જુદા ગામમાં આવેલ વિન્ડ/સોલાર લાઈનમાં એલ્યુમિનિયમ વાયરની ચોરીના બનાવ અંગે ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનો તા. ૦૨/૧૨/૨૦૨૫ થી ૧૬/૦૨/૨૦૨૬ દરમિયાન ભોજપરા થી સમથેરવા વચ્ચેના જુદા જુદા વિસ્તારોમાં મોડી રાત્રિના સમયે બન્યો હતો. જેમાં ક્લીનમેક્સ એન્વિરો એનર્જી સોલ્યુશન લિ. કંપનીના સબ સ્ટેશન અને ૩૩ કેવી. લાઈન લગાવવાના કામ માટે ઓપેરા એનર્જી પ્રા.લિ. દ્વારા પેટા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો. આ કામ દરમિયાન ૩૩ કેવી. એલ્યુમિનિયમ વાયર ૩૬૮૦ મીટર કિ.રૂ.૧૧,૦૪,૦૦૦/- ના વાયર કાપી ચોરી કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૧૭૭૦ મીટર કિ.રૂ.૫,૩૧,૦૦૦/- વાયર કાપી નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું.

ઉપરોક્ત નોંધાયેલ ગુના અંગેની તપાસમાં મોરબી લોકલ ક્રાટમ બ્રાંચ દ્વારા ટેકનિકલ અને હ્યુમન સોર્સીસના આધારે તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન વાંકાનેર રાતીદેવડી બાયપાસ રોડ પર પંચાસર ચોકડી નજીક ઇન્ડિયન પ્લાસ્ટિક નામના ભંગારના ડેલામાં ચેકિંગ કરતા જ્યાંથી માં પાંચ આરોપીઓ કુકાભાઈ ઉર્ફે કુકો મનજીભાઈ ડાભી રહે.વિનયગઢ વાંકાનેર, શૈલેષભાઈ રમેશભાઈ ગણાદીયા રહે.સતાપર વાંકાનેર, કરણભાઈ ઉર્ફે સંજય રાજાભાઈ ગણાદીયા રહે.સતાપર વાંકાનેર, ભુરાભાઈ માલાભાઈ સરૈયા રહે.હીરાણા થાનગઢ તથા ચોરીનો માલ રાખનાર ભગરના ડેલાવલો આરોપી હુશેનભાઈ વલીમામદભાઈ કાસમાણી રહે ચંદ્રપુર વાંકાનેર વાળાને મુદામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. જ્યારે આ ગેંગના અન્ય સાગરીતોમાં વિપુલભાઇ રવજીભાઇ મકવાણા રહે.વિનયગઢ વાંકાનેર, કિશનભાઇ વેલજીભાઇ ધોરીયા રહે.શેખરડી વાંકાનેર, સામજીભાઇ બચુભાઇ કુમખાણીયા રહે.સરોડી ચોટીલા જી.સુરેન્દ્રનગર, જગાભાઇ હેમુભાઇ મકવાણા રહે.વિનયગઢ વાંકાનેર તથા કિશન પ્રેમજી ગોરીયા રહે.સતાપર વાંકાનેર વાળાના નામ ખુલવા પામ્યા હતા જેને હાલ પોલીસે ફરાર દર્શાવ્યા છે. આ સાથે પોલીસે પકડાયેલ આરોપીઓ પાસેથી મોબાઈલ ફોન-૭ નંગ કિ.રૂ.૩૫ હજાર, એલ્યુમિનિયમના ઢાળિયા ૧૫૭ નંગ ૨,૬૫૦ કિલો કિ.રૂ.૯,૭૫,૨૦૦/-, વાયર કટર-૨ નંગ, ગ્રાઈન્ડર, જમ્પર, બેલ્ટ વગેરે સાધનો તથા બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૧૩-એડબલ્યુ-૮૩૩૭ કિ.રૂ.૪ લાખ સહિત રૂ.૧૪,૧૩,૬૦૦/-નો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત ગુનાની મોડસ ઓપરેન્ડીમાં આરોપીઓ દિવસ દરમિયાન બે મોટરસાયકલ પર રેકી કરતા અને જ્યાં રાત્રે સિક્યુરિટી ન હોય તેવા સ્થળોને ટારગેટ કરતા. મોડી રાત્રે બોલેરો પીકઅપ અને વાયર કાપવાના સાધનો સાથે જઈ થાંભલાઓ પરથી નવા એલ્યુમિનિયમ વાયર કાપી લેતા. બાદમાં ભંગારના ડેલામાં વેચી ભઠ્ઠીમાં ગાળીને ઢાળિયા બનાવી આર્થિક લાભ મેળવતા. આ સાથે મોરબી પોલીસ દ્વારા વીન્ડ/સોલાર લાઇન પર કામ કરતા કોન્ટ્રાક્ટરોને સુરક્ષા માટે દિવસ-રાત દેખરેખ રાખવા અને શંકાસ્પદ હલચલ અંગે તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કરવાની અપીલ કરવામાં આવી છે.

# જામનગર લાલપુર તાલુકામાં કોલેરા વકર્યો, વધુ બે દર્દીના રીપોર્ટ પોઝીટવ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લાલપુર તાલુકામાં કોલેરાનો રોગચાળો વકર્યો છે. કારણ કે, વધુ બે દર્દીના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આથી પોઝીટવ કેસનો આંકડો ચાર પર પહોચ્યો છે. હજુ એક દર્દીનો રિપોર્ટ આવવાનો બાકી છે. જો કે, ગઈકાલે વધુ કોઇ શંકાસ્પદ કેસ નોંધાયા નથી. શહેર બાદ જિલ્લામાં પાણીજન્ય રોગચાળો વકરતા આરોગ્ય તંત્ર ઉંધા માથે કામગીરીમાં લાગ્યું છે.જામનગર શહેરમાં કોલેરાના ૨૦ થી વધુ કેસ નોંધાયા બાદ જિલ્લામાં કોલેરાએ માથું ઉચકયું છે. પ્રથમ નાઘેડી અને બાદમાં લાખબાવળમાં કોલેરાના પોઝીટીવ કેસ નોંધાયા હતાં. બીજી બાજુ લાલપુરમાં સોમવારે કોલેરાના પાંચ શંકાસ્પદ કેસ નોંધાયા હતાં. આથી તમામ દર્દીને સારવાર અર્થે સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા હતાં. જેમાંથી એક બાળકનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે જયારે અન્ય ચાર દર્દીના રીપોર્ટ બાકી હતાં. જે પૈકી એક મહીલાનો રિપોર્ટ બુધવારે પોઝીટીવ આવ્યો હતો. જયારે ગુરૂવારે એક સગર્ભા મહીલા અને પ્રૌઢાનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આથી કોલેરા પોઝીટીવ કેસનો આંકડો વધીને ચાર પર પહોંચ્યો છે. હજુ એક દર્દીનો રિપોર્ટ આવવાનો બાકી છે. હાલ તમામ દર્દી સામૂહીક આરોગ્ય કેન્દ્રમાં સારવાર હેઠળ છે.લાલપુર તાલુકામાં કોલેરાના પોઝીટીવ કેસ વધીને ૪ થતાં તંત્ર દ્રારા પાણીના કલોરીનેશન સહીતની કામગીરી યુધ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. કોલેરાનો રોગચાળો વધુ ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગ દ્રારા ડોર ટુ ડોર સર્વે, જાગૃતિ પત્રીકાનું વિતરણ, કલોરીન ટેબલેટનું વિતરણ સહીતની કામગીરી હાથ ધરવામાં આવી છે. શહેર બાદ જિલ્લામાં કોલેરાનો રોગચાળો વકરતા આરોગ્ય તંત્રમાં દોડધામ તો ગ્રામજનોમાં ભારે ચિંતાની લાગણી ફેલાઇ છે.

# ઘુંટુ રોડ પર મનપાની મોટી કાર્યવાહી : 30 જેટલા ગેરકાયદેસર દબાણો દૂર કરાયા




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મ્યુનિસિપલ કોર્પોરેશનની એસ્ટેટ અને દબાણ શાખાએ ''વન વીક વન રોડ'' અભિયાન અંતર્ગત ઘુંટુ રોડ વિસ્તારમાં ૨૮ થી 30 પાકા ગેરકાયદેસર દબાણો જેસીબીની મદદથી દૂર કર્યા, જેના કારણે માર્ગ ઉપરના દબાણ હટતા, વાહન વ્યવહાર સુગમ થયો છે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેર દબાણમુક્ત રહે તે માટે ''વન વીક વન રોડ'' અભિયાન હેઠળ દર સપ્તાહે અલગ-અલગ વિસ્તારોમાં કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. આ અભિયાન અંતર્ગત આ સપ્તાહે ત્રાજપર ચોકડીથી જૂના ઘુંટુ રોડ સુધીના વિસ્તારમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં મનપાની એસ્ટેટ શાખાએ જાહેર માર્ગમાં નડતરરૂપ બનેલા અંદાજે ૨૮ થી 30 જેટલા પાકા દબાણો જેસીબી મશીન દ્વારા દૂર કર્યા હતા. દબાણોને કારણે વાહનચાલકોને પડી રહેલી હલાકી દૂર થઈ અને સમગ્ર માર્ગ ફરી ખુલ્લો બનાવવામાં આવ્યો છે.

આ તકે મનપાની એસ્ટેટ અને દબાણ શાખા દ્વારા જણાવાયું છે કે દર સપ્તાહ આ મુજબની કામગીરી આગળ પણ સતત ચાલુ રહેશે, જેથી શહેરના મુખ્ય માર્ગો પર વાહન વ્યવહાર સરળ અને સુરક્ષિત બની રહે.

# મોરબીમાં મિલકતવેરા બાકીદારો સામે કડક કાર્યવાહીઃ ૮૮ મિલકતો સીલ

## ૬૩૪ બાકીદારોને વોરંટ ઈસ્યુ, ૨ રહેણાંક મિલકતના નળ કનેક્શન કપાયા, ૩૧ માર્ચ સુધી ખાસ વસુલાત અભિયાન

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી મિલકતવેરાની વસુલાત માટે સખત કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં ૬૩૪ બાકીદારોને વોરંટ પાઠવવામાં આવ્યા છે અને ૮૮ મિલકતો સીલ કરવામાં આવી છે. બાકી રકમ ન ભરનાર ૨ રહેણાંક મિલકતોના નળ કનેક્શન કપાયા છે. ૩૧-૦૩-૨૦૨૬ સુધી દર શનિવારે ટેક્સ સ્વીકારાશે, બાદમાં ૧૮% વ્યાજ વસૂલાશે તેમ જાહેર કરવામાં આવ્યું છે.



મોરબી મહાનગરપાલિકામાં આવેલા મિલકતધારકો પાસેથી વર્ષ ૨૦૨૫-૨૬ના બાકી ટેક્સની વસુલાત માટે મિલકતવેરા શાખાએ ઝુંબેશ હાથ ધરી છે. વોરંટ બજવણી અને સીલિંગ કાર્યવાહી અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૬૩૪ મિલકતધારકોને નોટિસ/વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યા છે, જ્યારે ૮૮ મિલકતો સીલ કરવામાં આવી છે. આ અભિયાન દરમિયાન શહેર વિસ્તારમાંથી રૂ.૨૬.૫૪ કરોડ તથા જુદા જુદા ક્લસ્ટર અને ગ્રામ્ય વિસ્તારોમાંથી રૂ.૨.૫૩ કરોડની આવક નોંધાઈ છે. ૨૪ બાકીદારોએ બાકી રકમ ભરતાં તેમની મિલકતોના સીલ ખોલવામાં આવ્યા છે. હાલમાં ૬૪ મિલકતો સીલ હેઠળ છે. રહેણાંક મિલકતોમાં ટેક્સ બાકી ધરાવતા ૨ આસામીઓના નળ કનેક્શન કાપવામાં આવ્યા છે.

આવનારા સમયમાં રૂ. ૧૦,૦૦૦થી વધુ બાકી ધરાવતી રહેણાંક મિલકતોને વોરંટ રૂબરૂ તેમજ મોબાઈલ દ્વારા પાઠવી ચુકવણી ન થાય તો નળ અને ડ્રેનેજ કનેક્શન કાપવાની કાર્યવાહી હાથ ધરાશે. મહાનગરપાલિકાએ જાહેર કર્યું છે કે વોરંટ અને સીલિંગ પ્રક્રિયા તા. ૩૧-૦૩-૨૦૨૬ સુધી યથાવત રહેશે. દર શનિવારે મુખ્ય કચેરી તથા ૧૧ ક્લસ્ટર ઓફિસોમાં સવારે ૧૦30 થી સાંજે ૪૦૦/૫૦૦ સુધી મિલકતવેરો સ્વીકારવામાં આવશે. મિલકતધારકો વેબસાઈટ તથા મોબાઈલ એપ્લિકેશન મારફતે પણ ઓનલાઈન ટેક્સ ભરપાઈ કરી શકે છે. મહાનગરપાલિકાએ તમામ બાકીદારોને સમયસર ટેક્સ ભરવા જાહેર અપીલ કરી છે, નહીં તો ૧૮% વ્યાજ સાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ યાદીમાં જણાવ્યું છે.

# વાંકાનેર હાઈવે પરથી અજાણ્યા પુરુષની લાશ મળી, વાલી વારસની શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં ગારીડા ગામ પાસે હાઈવે રોડ પર આવેલ તીરથ હોટલની સામેની ભેખડ પરથી એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. અંદાજે ૪૦ થી ૪૫ વર્ષની વયના આ અજાણ્યા પુરુષે લીમડાના ઝાડ સાથે ચાદરના લીરા વડે ગળાફાંસો ખાઈ લેતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. આ મામલે વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મૃતકની લાશનું વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે, પરંતુ હજુ સુધી તેના વાલીવારસ મળી આવ્યા ન હોવાથી મૃતદેહને હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો છે.

મૃતકની ઓળખ માટેના વર્ણનની વિગતો જોઈએ તો, મૃતક પુરુષ આશરે ૪૦ થી ૪૫ વર્ષની વયના છે અને તેમનો બાંધો પાતળો છે તથા માથાના વાળ કાળા અને સફેદ છે. પહેરવેશમાં તેઓએ બ્લુ કલરનું આખી બાંયનું ટીશર્ટ અને તેની નીચે કાળા કલરનું આખી બાંયનું ટીશર્ટ પહેરેલ છે, તેમજ નીચે કાળા અને સફેદ કલરની ચેક્સ વાળી લુંગી તથા મહેંદી કલરનો નાઈટ ચડો પહેરેલો છે. સબંધિત વ્યક્તિ વિશે જો કોઈને જાણકારી હોય અથવા તેમના વાલીવારસ અંગે કોઈ માહિતી હોય, તો તાત્કાલિક વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ.એચ. વાસણીના મો. નં. ૬૩૫૧૨ ૧૪૮૮૩ અથવા વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનના ટેલિફોન નંબર ૬૩૫૯૬૨૬૦૮૬ ઉપર સંપર્ક કરવા પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવાયું છે.

# જામનગર--લાખાબાવળ રેલ સેક્શનના દોહરીકરણનું સુરક્ષા નિરીક્ષણ સફળતાપૂર્વક સંપન્ન

## ૧૨૦ કિમી/કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ યોજાયું, ટૂંક સમયમાં ઝડપી અને સુગમ રેલ પરિવહન શરૂ થશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવે દ્વારા રેલ સુરક્ષા અને સંચાલન ક્ષમતાને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરતા, રાજકોટ-કાનાલુસ ડબલિંગ પ્રોજેક્ટ હેઠળ જામનગર-લાખાબાવલ (આશરે ૧૦ કિમી) રેલખંડ વચ્ચે નવનિર્મિત અપ મેઈન લાઈન અને ડાઉન મેઈન લાઈનનું સુરક્ષા નિરીક્ષણ આજે રેલ સુરક્ષા કમિશનર ઈ. શ્રીનિવાસ દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય વહીવટી અધિકારી (બાંધકામ) શ્રી પ્રદીપ ગુપ્તા, રાજકોટ ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી ગિરિરાજ કુમાર મીના સહિત બાંધકામ સંગઠન અને ડિવિઝનના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરક્ષા નિરીક્ષણ દરમિયાન નવી રેલ લાઈનોની સુરક્ષા, સ્થિરતા અને ટેકનિકલ ધોરણોનું પરીક્ષણ કરવા માટે અપ અને ડાઉન બંને લાઈનો પર ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ સફળતાપૂર્વક ચલાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત મોટર ટ્રોલી દ્વારા પણ વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. નવી લાઈન પર સુરક્ષિત અને વધુ ઝડપથી ટ્રેન સંચાલન સુનિશ્ચિત કરવાની દિશામાં આ પરીક્ષણ એક મહત્વપૂર્ણ તબક્કો છે.

સુરક્ષા નિરીક્ષણના સફળ સમાપન બાદ, આ સેક્શનમાં નિયમિત રેલ સેવાઓનું સંચાલન બંને લાઈનો પર ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે શરૂ થવાની શક્યતા છે. આનાથી રેલ સંચાલન વધુ સુગમ, સુરક્ષિત અને અસરકારક બનશે તથા મુસાફરોને વધુ સારી અને ઝડપી મુસાફરીની સુવિધા પ્રાપ્ત થશે.

આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી પેસેન્જર અને માલગાડીઓના સંચાલનની લાઈન ક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી સૌરાષ્ટ્ર વિસ્તારમાં ઔદ્યોગિક, વ્યાપારી અને પ્રવાસન પ્રવૃત્તિઓને નવી ગતિ મળવાની અપેક્ષા છે.

બાંધકામ સંગઠન અને રાજકોટ ડિવિઝનની ટીમોના સમર્પિત, સમન્વિત અને અથાક પ્રયાસોથી આ મહત્વપૂર્ણ સિદ્ધિ શક્ય બની છે.

# રાજકોટ જિલ્લામાં ૧૭ હજારથી વધુ તરૂણીઓને વિનામૂલ્યે સર્વાઈકલ કેન્સર વિરોધી રસી આપવાનો ૨૮મીથી પ્રારંભ

## શિક્ષકો-વાલીઓને અભિયાનમાં સહભાગી બનાવાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશની ભાવિ નારી એવી તરૂણીઓને સ્વસ્થ અને સશક્ત બનાવવાના ઉદ્દેશ્યથી, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૨૮ ફેબ્રુઆરીથી રાજસ્થાનના અજમેરથી સર્વાઈકલ કેન્સર વિરોધી એચ.પી.વી. રસીકરણનો રાષ્ટ્રવ્યાપી આરંભ કરાવશે. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગરથી આ રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી આરંભ કરાવશે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં ૧૭ હજારથી વધુ તરૂણીઓને એચ.પી.વી. (ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી) રસી આપવામાં આવશે. જેમાં વાલીઓ તથા શિક્ષકોને પણ સમજાવીને સહભાગી બનાવવામાં આવશે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર.આર.ફુલમાલીની યાદીમાં જણાવાયા પ્રમાણે, ભારતમાં મહિલાઓમાં થતા કેન્સરમાં સર્વાઈકલ કેન્સર બીજા ક્રમે છે. આ જીવલેણ રોગ સામે રક્ષણ આપવા રાજ્યની તમામ ૧૪ વર્ષ પૂર્ણ કરનારી (અને ૧૫ વર્ષ પૂર્ણ ન થયા હોય તેવી) તરૂણીઓને એચ.પી.વી. (હ્યુમન પેપિલોમા વાયરસ) રસી આપવાનો સરકારે નિર્ધાર કર્યો છે. રાજકોટ જિલ્લામાં 'સ્વસ્થ દીકરી-સુરક્ષિત ભવિષ્ય'ના ધ્યેય સાથે અંદાજિત ૧૭,૩૫૧ તરૂણીઓને એચ.પી.વી. વેક્સિન અપાશે. જેથી, ગર્ભાશયના મુખના કેન્સર સામે મજબૂત સુરક્ષા કવચ ઊભું કરી શકાય.

આ રસીકરણ અભિયાનને સફળ બનાવવા માટે અસરકારક આયોજન પણ ઘડવામાં આવ્યું છે. જે મુજબ, ૧૪ વર્ષની વય ધરાવતી કિશોરીઓનો હેડ કાઉન્ટ સર્વે કરી યાદી તૈયાર કરાશે. શાળા બહારની કિશોરીઓનું રસીકરણ ત્રણ મહિના સુધી સંબંધિત કોલ્ડ ચેઈન પોઈન્ટ પર કરવામાં આવશે. આ માટે દરેક શાળામાં નોડલ શિક્ષકની નિમણૂક કરવામાં આવશે. ખાનગી શાળાઓને પૂર્વ સૂચના આપી, આ અભિયાનમાં જોડવામાં આવશે.

ઉપરાંત, દરેક શાળામાં ખાસ વાલી તથા શિક્ષકોની મીટિંગ યોજવામાં આવશે. જેમાં આરોગ્ય કર્મચારી કે નોડલ શિક્ષક આ રસી અને તેના ફાયદા અંગે વાલીઓને જાગૃત કરશે અને તેમને સહભાગી બનાવાશે.

રાજકોટ જિલ્લાના વાલીઓ, શાળા સંચાલકો અને સમાજના આગેવાનોને ૧૪ વર્ષની દીકરીઓને એચ.પી.વી. રસી અપાવી, ગર્ભાશયના મુખના કેન્સરથી સુરક્ષિત બનાવવામાં સહકાર આપવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મોરબીમાં મચ્છુ નદી પર પાડાપુલના સમારકામ અને ઓવરબ્રિજની કામગીરીને કારણે વાંકાનેર-મોરબી સેક્શનની ૬ ડેમુ ટ્રેનો ૧૨ માર્ચ સુધી રદ

## વાહનવ્યવહાર વ્યવસ્થા જાળવી રાખવા અને જનસુવિધાને ધ્યાનમાં રાખીને લેવાયો નિર્ણય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ મોરબીના અનુરોધ પર, મચ્છુ નદી પર આવેલ જૂના પાડાપુલના સમારકામની કામગીરી તથા નટરાજ ફાટક પાસે નિર્માણાધીન ઓવરબ્રિજના કાર્યને લીધે વાંકાનેર-મોરબી રેલખંડ પર ચાલતી ૬ ડેમુ ટ્રેનોને અસ્થાયી રૂપે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

સમારકામની કામગીરી દરમિયાન માર્ગ પર વાહનોના ભારે ભારણ અને રેલ્વે ફાટક વારંવાર બંધ થવાને કારણે સામાન્ય જનતાને પડનારી સંભવિત મુશ્કેલીઓને ઘટાડવા તથા ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રાખવાના ઉદ્દેશ્યથી રેલ પ્રશાસન દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે.

જનહિતને ધ્યાનમાં રાખીને વાંકાનેર અને મોરબી વચ્ચે દોડતી ૬ ડેમુ ટ્રેનોનું સંચાલન ૨૭ ફેબ્રુઆરી થી ૧૨ માર્ચ, ૨૦૨૬ સુધી અસ્થાયી રૂપે બંધ રહેશે. રદ કરાયેલી ટ્રેનોની વિગત નીચે મુજબ છે

રદ કરાયેલી ડેમુ ટ્રેનો : (૧) ટ્રેન સંખ્યા ૭૯૪૫૪ મોરબી--વાંકાનેર, (૨) ટ્રેન સંખ્યા ૭૯૪૫૩ વાંકાનેર--મોરબી, (૩) ટ્રેન સંખ્યા ૭૯૪૪૪ મોરબી--વાંકાનેર, (૪) ટ્રેન સંખ્યા ૭૯૪૪૫ વાંકાનેર--મોરબી, (૫) ટ્રેન સંખ્યા ૭૯૪૪૬ મોરબી--વાંકાનેર, (૬) ટ્રેન સંખ્યા ૭૯૪૪૭ વાંકાનેર--મોરબી

રેલ પ્રશાસન મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ માહિતી માટે મુસાફરો ભારતીય રેલવેની સત્તાવાર વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર જઈને માહિતી મેળવી શકે છે, જેથી કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

# મોરબીના પંચાસર રોડ ઉપર ડબલ સવારી મોટર સાયકલને રિક્ષાએ ઠોકરે ચડાવતા, ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના પંચાસર રોડ ઉપર શિવ હોલ નજીક રિક્ષાના ચાલકે પોતાની રીક્ષા ફૂલ સ્પીડમાં ચલાવી આવી ડીવાઇડરની કટમાંથી અચાનક વળાંક લેતા સમયે ડબલ સવારી મોટર સાયકલને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં મોટર સાયકલ ચાલક પ્રૌઢનું મોત નીપજ્યું હતું. હાલ સીટી એ ડિવિઝન પોલીસે આરોપી રિક્ષાના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, બગથળા ગામના વતની અને મોરબી સેવા સદનમાં સિંચાઈ વિભાગમાં રોજમદાર તરીકે ફરજ બજાવતા મહેશભાઈ પ્રભુભાઈ સરડવા ઉવ.૫૭ ગઈકાલ તા.૨૭/૦૨ના રોજ તેમના પાડોશી સંજયભાઈ સીતાપરા સાથે પોતાના મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-સીએચ-૬૬૫૭ ઉપર બગથળાથી મોરબી આવી રહ્યા હતા તે દરમિયાન મોરબીના પંચાસર રોડ ઉપર શિવ હોલ સામે ધવલ પાનની બાજુમાં ડિવાઈડરની કટમાંથી ફૂલ સ્પીડમાં ચલાવી આવતા સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૩૬-ડબલ્યુ-૪૬૮૩ ના ચાલકે અચાનક વળાંક લઈ મોટર સાયકલને ટક્કર મારી અકસ્માત સર્જતાં, મોટર સાયકલ ચાલક મહેશભાઈ સરડવાને મોઢા તથા માથાના ભાગે ગંભીર ઇજા પહોંચી હતી, જેથી તુરંત મોટર સાયકલ પાછળ બેઠેલ સંજયભાઈ તેઓને મોરબી ક્રિષ્ના હોસ્પિટલ ખાતે લાવ્યા હતા, જ્યાં સારવાર મળે તે પહેલા મહેશભાઈનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતમાં સંજયભાઈને કોઈ ઇજા પહોંચી ન હતી. હાલ સીટી એ ડિવિઝન પોલીસે સંજયભાઈ સીતાપરાની ફરિયાદને આધારે આરોપી રીક્ષા ચાલક વિરુદ્ધ મોટર વ્હિકલ એક્ટ તથા બીએનએસની કલમો હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# યોગમય ગુજરાતના અભિયાનને વેગ આપવા નવા ટ્રેનર્સ સજ્જ

## રાજકોટમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૧૦૦થી વધુ યોગ ટ્રેનર્સની પ્રેક્ટિકલ પરીક્ષા યોજાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજકોટ મહાનગરપાલિકા ખાતે યોગ ટ્રેનર્સ માટેની પ્રેક્ટિકલ પરીક્ષાનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં ૧૦૦થી વધુ ભાવિ યોગ ટ્રેનર્સે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

યોગ બોર્ડના નિયમોનુસાર, આ ટ્રેનર્સે પ્રથમ એક મહિનો અનુભવી કોચ પાસે ઓફલાઈન તાલીમ મેળવી હતી અને ત્યારબાદ એક મહિનો ઓનલાઇન માધ્યમથી સઘન તાલીમ પૂર્ણ કરી હતી. આ બે મહિનાની સંપૂર્ણ તાલીમ બાદ તેમની પ્રેક્ટિકલ પરીક્ષા લેવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, યોગ બોર્ડ દ્વારા દર મહિને આવી પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે જેથી વધુમાં વધુ લોકો યોગ સાથે જોડાઈ શકે.

પરીક્ષાના અંતે ઉપસ્થિત અધિકારીઓ અને નિષ્ણાતો દ્વારા તમામ ટ્રેનર્સને યોગ ક્લાસ કેવી રીતે શરૂ કરવા અને વધુમાં વધુ લોકોને યોગાભ્યાસમાં કેવી રીતે જોડવા તે અંગેનું વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. 'ઘર-ઘર યોગ' ના સૂત્રને સાર્થક કરવા માટે ભાવિ ટ્રેનર્સમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

# લોકશાહીનો લાઇવ ક્લાસરૂમ: વિધાનસભામાં નવયુગ કોલેજના વિદ્યાર્થીઓનો પ્રેરણાદાયી અનુભવ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની નવયુગ કોલેજના વિદ્યાર્થીઓએ ગુજરાત વિધાનસભાની કાર્યવાહી નિહાળી લોકશાહી પ્રક્રિયાનો જીવંત અનુભવ કર્યો હતો. ટંકારા-પડધરીના ધારાસભ્ય દુર્લભજીભાઈના સહયોગથી યોજાયેલી આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે ગૌરવપૂર્ણ અને માર્ગદર્શક સાબિત થઈ હતી.

મોરબીની નવયુગ કોલેજના વિદ્યાર્થીઓએ ગુજરાત વિધાનસભાની મુલાકાત લઈ ગૃહની કાર્યવાહી નજીકથી નિહાળી હતી. પ્રશ્નોત્તરી, ચર્ચા અને નીતિ નિર્માણની પ્રક્રિયાને પ્રત્યક્ષ જોઈ વિદ્યાર્થીઓએ રાજ્યવ્યવસ્થાની ઊંડી સમજ મેળવી. પાઠ્યપુસ્તકની બહાર આવી લોકશાહી કેવી રીતે કાર્ય કરે છે તેનો જીવંત અનુભવ તેમને મળ્યો હતો. આ પ્રસંગે રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મહિલા અને બાળ વિકાસ મંત્રી દર્શનાબેન વાઘેલા, નાણાં-ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુભાઈ દેસાઈ, સામાજિક ન્યાય અને અધિકારિતતા મંત્રી પ્રદ્યુમનસિંહ વાજા તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી મનીષાબેન વકીલએ વિદ્યાર્થીઓ સાથે ફોટો સેશન કરાવ્યું હતું. યુવાનો સાથેની આ મુલાકાત વિદ્યાર્થીઓ માટે ગૌરવ અને પ્રેરણાનો ક્ષણ બની રહી હતી.

સંસ્થાના પ્રમુખ પી.ડી. કાંજીયાએ જણાવ્યું કે આવી શૈક્ષણિક મુલાકાતો યુવાનોને જાગૃત અને જવાબદાર નાગરિક બનાવવ-ામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પ્રિન્સિપાલ નિલેશ મિરાણી અને વહીવટી અધિકારી પ્રકાશ ગૂગડિયાના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ પ્રવાસ વિદ્યાર્થીઓ માટે યાદગાર બની રહ્યો હતો.

# વાંકાનેર હિટ એન્ડ રનમાં ૮૨ વર્ષના વૃદ્ધ ગંભીર ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર-મોરબી હાઈવે ઉપર જસદણ સીરામીકની ઓફીસ સામે રોડ ઓળંગી રહેલ ૮૨ વર્ષીય રામજીભાઈ જીવનભાઈ ધરજીયા રહે.વીસીપરા દૂધની ડેરી સામે વાંકાનેર વાળાને બોલેરો ચાલકે હડફેટે લેતા રામજીભાઈને ગંભીર ઈજાઓ પહોચી હતી. અકસ્માત સર્જી બોલેરો ચાલક પોતાનું વાહન સ્થળ ઉપરથી લઈને નાસી ગયો હતો. અકસ્માતમાં ઈજાગ્રસ્ત રામજીભાઈને પ્રથમ વાંકાનેર સિવિલ બાદ મોરબી ત્યાંથી વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર સી.યુ.શાહ હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં વૃદ્ધને હાથ-પગ તથા પાસડીના ભાગે ફ્રેક્ચર જેવી ઈજાઓ સારવાર ચાલુ હોય અને હાલ ઈજાગ્રસ્ત રામજીભાઈ બેભાન હાલતમાં હોય ત્યારે ઈજાગ્રસ્તના પુત્ર સુરેશભાઈ રામજીભાઈની ફરિયાદને આધારે બોલેરો રજી.નં. જીજે-૩૬-વી-૪૬૭૨ ના ચાલક વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી અકસ્માત સર્જી નાસી ગયેલ બોલેરો ચાલક આરોપીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબી જીલ્લામાં સર્વાઇકલ કેન્સર સામે સુરક્ષા કવચ: ૨૮ ફેબ્રુઆરીથી રસીકરણ અભિયાનનો પ્રારંભ

## ૧૪ વર્ષની દીકરીઓને ગર્ભાશયના મુખના કેન્સરથી સુરક્ષિત કરવા મોરબી જીલ્લા વહીવટી તંત્ર સજ્જ : સ્ટ્રેટજીક એક્શન પ્લાન તૈયાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લાની કિશોરીઓને ગર્ભાશયના મુખના કેન્સર (સર્વાઇકલ કેન્સર) સામે મજબૂત રક્ષણ પૂરું પાડવા માટે સમગ્ર દેશને ગુજરાત રાજ્યની સાથે આગામી તા. ૨૮/૦૨/૨૦૨૬થી HPV રસીકરણ જીલ્લા વ્યાપી અભિયાનનો પ્રારંભ કરવામાં આવશે. મોરબી જીલ્લામાં આ અભિયાન અંતર્ગત ૧૪ વર્ષ પૂર્ણ કરનાર અંદાજીત ૯,૫૦૦ દીકરીઓને આ રક્ષણાત્મક રસી આપવાનું લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યું છે. આ રસીકરણ ઝુંબેશને સફળ બનાવવા માટે જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એક સુદ્રઢ સ્ટ્રેટજીક એક્શન પ્લાન તૈયાર કરાયો છે. આશા કાર્યકરો દ્વારા હેડ કાઉન્ટ સર્વે કરી ૧૪ વર્ષની તમામ દીકરીઓની ઓળખ કરવામાં આવશે. શાળામાં અભ્યાસ કરતી તેમજ શાળા બહારની તમામ દીકરીઓને નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર અથવા સબ ડિસ્ટ્રિક્ટ અને ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે આ રસી નિઃશુલ્ક આપવામાં આવશે. આ રસી સંપૂર્ણપણે સલામત છે અને ગર્ભાશયના મુખના કેન્સરથી દીકરીઓને સુરક્ષિત કરે છે. રસી મેળવવા માટે દીકરીના માતા-પિતા કે વાલીનું સંમતિ પત્રક અનિવાર્ય રહેશે.

નોંધનીય છે કે, જે દીકરીઓ બીમાર હોય, અગાઉ કોઈ એલર્જી કે રિએક્શનની સમસ્યા હોય અથવા અગાઉ રસી લીધેલ હોય તેમને આ રસી આપવાની રહેશે નહીં. મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પી. કે. શ્રીવાસ્તવ દ્વારા તમામ વાલીઓ, શાળા સંચાલકો અને સામાજિક અગ્રણીઓને અપીલ કરવામાં આવી છે કે, પોતાની દીકરીઓને આ રસી અપાવી કેન્સર સામે સુરક્ષિત બનાવવા વહીવટી તંત્રને સંપૂર્ણ સહકાર આપે. વધુ માહિતી માટે નાગરિકોએ નજીકના આરોગ્ય કર્મચારી અથવા આશા કાર્યકરનો સંપર્ક કરવાનો રહેશે. રસીકરણ અન્વયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજસ્થાનના અજમેરથી આ રાષ્ટ્રવ્યાપી અભિયાનની શરૂઆત કરાવશે, જેના અનુસંધાને ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સોલા હોસ્પિટલ, અમદાવાદથી રાજ્યવ્યાપી અભિયાનનો આરંભ કરાવશે.

# મોરબીના રંગપર(બે) નજીક ૧૦૦૦ લીટર દેશી દારૂ સાથે બોલેરો પીકઅપ ઝડપાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે રંગપર(બે) ગામની સીમમાં રેઈડ કરી ૧૦૦૦ લીટર દેશી દારૂ ભરેલી મહેન્દ્ર બોલેરો પીકઅપ ઝડપી લીધેલ હતી. આ સાથે અંદાજે રૂ. ૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે.

મોરબી તાલુકા પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળેલ કે, રંગપર(બે) ગામ નજીક એલીયન્ટ સીરામીક પાછળના કાચા રસ્તે એક સંદેફ કલરની મહેન્દ્ર બોલેરો પીકઅપ રજી. નં. જીજે-૦૩-એઝેડ-૮૬૬૭માં દેશી દારૂ ભરી મોરબી તરફથી જેતપર બાજુ જતી હતી. જેથી પોલીસે તુરંત ઉપરોક્ત સ્થળે રેઈડ કરતાં બોલેરો વાહનમાંથી કુલ ૧,૦૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૨,૦૦,૦૦૦/- જેથી પોલીસે



દારૂ તથા બોલેરો સહિત કુલ રૂ.૫,૦૦,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો છે. જ્યારે બોલેરો ચાલક ફરાર થઈ જતાં પોલીસે તેના વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ અને શોધખોળ હાથ ધરી છે.

# હળવદના ધણાદ ગામે વિદેશી દારૂના ૪૮ ચપલા સાથે એક શખ્સની અટક

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે ધણાદ ગામે રેઈડ કરી એક ઇસમને વિદેશી દારૂની ૧૮૦મીલી. ૪૮ નંગ બોટલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, હળવદ પોલીસ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળી કે, મંગળપુર ગામ તા.હળવદ વાળો કેવળભાઈ ભાણજીભાઈ નગવાડીયા ધણાદ ગામની દેવીપૂજકવાસના પાટીયા પાસે બાવળની કાંટમાં વિદેશી દારૂની બોટલ રાખી તેનું વેચાણ કરે છ્ઓ, જેથી તાત્કાલિક ઉપરોક્ત સ્થળે હળવદ પોલીસે રેઈડ કરતા, જ્યાંથી આરોપી કેવળભાઈ ભાણજીભાઈ નગવાડીયા ઉવ.૨૨ રહે. મંગળપુર તા.હળવદ વાળાને વિદેશી દારૂ વાઈટ લેસ વોડકાની ૧૮૦મીલી.ની ૪૮ બોટલ કિ.રૂ.૪,૮૦૦/-સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે આરોપીની ધરપકડ કરી પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# હળવદના ચરાડવા ગામે ઍક્સેસ મોપેડમાંથી વિદેશી દારૂની ૩૬ બોટલ ઝડપાઈ, આરોપી બાવળની કાંટમાં અલોપ

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના ચરાડવા ગણે જીઈબી સબ સ્ટેશન નજીક પોલીસે એક મોપેડમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૨૬ બોટલ ઝડપી લેવામાં આવી હતી. જ્યારે પોલીસને દૂરથી આવતા જોઈ લિસ્ટેડ આરોપી બાવળની કાંટનો લાભ લઇ નાસી છૂટ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, હળવદ પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે, આરોપી આમીન અનવરભાઈ કાજેડીયા ચરાડવા ગામે જીઈબી સબ સ્ટેશન નજીક નંબર પ્લેટ વિનાના ઍક્સેસ મોપેડમાં વિદેશી દારૂનો જથ્થો રાખી તેનું વેચાણ કરે છે, જેથી તુરંત તે સ્થળે રેઈડ કરવામાં આવી હતી, ત્યારે પોલીસને દૂરથી આવતા જોઈ એક ઈસમ બાવળની કાંટમાં ભાગવા જતા, તેને પકડવા પોલીસ ટીમ તેની પાછળ દોડી હતી. પરંતુ બાવળની કાંટનો લાભ લઈને આરોપી આમીનભાઈ અનવરભાઈ કાજેડીયા રહે. ગામ ચરાડવા રાજલનગર તા.હળવદ વાળો ભાગી છૂટ્યો હતો. જ્યારે પોલીસે મોપેડની તલાસી લેતા તેમાં પ્લાસ્ટિકના બાચકામાંથી વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની ૩૬ બોટલ કિ.રૂ.૩૬,૦૦૦/- મળી આવી હતી. જેથી પોલીસે નંબર પ્લેટ વિનાનું ઍક્સેસ મોપેડ કિ.રૂ.૩૦ હજાર સહિત કુલ રૂ.૬૬,૦૦૦/-નો મુદ્દામાલ કબ્જે લીધો હતો. હાલ હળવદ પોલીસે નાસી ગયેલ આરોપીને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

# ટંકારા નજીક અરણેશ્વર ફીડર વિસ્તારમાંથી ૧.૯૪ લાખના વીજ વાયરની ચોરી

## અજાણ્યા ઈસમ વિરુદ્ધ ઈલેક્ટ્રિસિટી એક્ટ હેઠળ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

ટંકારા તાલુકાના સાવડી ગામ પાસે આવેલા અરણેશ્વર ફીડર વિસ્તારમાંથી પીજીવીસીએલની માલિકીના ૧૬ થાંભલામાં આશરે રૂ.૧.૯૪ લાખના એલ્યુમિનિયમ વીજ વાયરની ચોરી થયાની ફરિયાદ નોંધાઈ છે. આ સાથે ટંકારા પોલીસે આરોપી અજાણ્યા ઇસમ વિરુદ્ધ બી.એન.એસ.ની કલમો તેમજ ઈલેક્ટ્રિસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ટંકારા તાલુકામાં પીજીવીસીએલ વિભાગની માલિકીના એલ્યુમિનિયમ વાયરની ચોરીનો બનાવ સામે આવ્યો છે. આ મામલે ટંકારા પોલીસ મથકમાં પી.જી.વી.સી.એલ.માં નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવતા અશ્વિનભાઈ દિનેશભાઈ ભુવાએ નોંધાવેલી ફરિયાદ મુજબ તા. ૨૭/૦૨/૨૦૨૬ના રોજ સવારે ૧૦૦૦ વાગ્યા પહેલા કોઈ સમયે અજાણ્યા ચોર ઈસમ દ્વારા ટંકારા તાલુકાના સાવડી ગામ પાસે આવેલા અરણેશ્વર ફીડર વિસ્તારમાં ૧૫ ગાળાના ૧૦૦ સ્ક્વેર મિ.મી.ના એલ્યુમિનિયમ વાયરો ૧૬ વીજ પોલ પરથી ઉતારી લેવામાં આવ્યા હતા. કુલ આશરે ૧૮૦૦ મીટર લંબાઈના આ વાયરની કિંમત પ્રતિ મીટર અંદાજે રૂ.૧૦૮ મુજબ કુલ રૂ.૧,૯૪,૪૦૦/-ના વાયરની કોઈ અજાણ્યા ઈસમ દ્વારા ચોરી કરી લઈ ગયા હતા. હાલ ટંકારા પોલીસે ચોરીના આ બનાવ અંગે આરોપી વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૩૦૩(૨) તથા ઈલેક્ટ્રિસિટી એક્ટ કલમ ૧૩૬ મુજબ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# મોરબીના રણ વિસ્તારમાં બાળકોને શિક્ષણ આપવા બાલમિત્ર તરીકે જોડાવા યુવાનોને તક

## માળિયાના ગુલાબડી અને વેણાસર રણ વિસ્તારમાં શરૂ કરાયેલા ટેન્ટ એસટીપી વર્ગો માટે ગ્રેજ્યુએટ યુવાનોની જરૂરિયાત

**મુખ્ય સમાચાર, મોરબી**


મોરબી જીલ્લામાં સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત શિક્ષણથી વંચિત અને શાળા બહારના બાળકોના શૈક્ષણિક પુનર્વસન માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને માળિયા તાલુકાના રણ વિસ્તારમાં વસતા અગરિયાના ૬ થી ૧૪ વર્ષની વયના બાળકો શિક્ષણની મુખ્યધારામાં જોડાઈ શકે તે હેતુથી ગુલાબડી અને વેણાસર રણ વિસ્તારમાં ટેન્ટ એસટીપી વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. આ શૈક્ષણિક યજ્ઞમાં સહભાગી થઈ બાળકોને પાયાનું શિક્ષણ આપવા માટે ગ્રેજ્યુએટ થયેલા ઉત્સાહી યુવાનોની બાલમિત્ર તરીકે જરૂરિયાત છે.

આ ભરતી અંગેની વિગતો આપતા જીલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે, રણ વિસ્તારમાં કાર્યરત અને આગામી સમયમાં શરૂ થનારા નવા વર્ગો માટે લાયકાત ધરાવતા સ્નાતક યુવાનોએ પોતાની સેવા આપવાની રહેશે. પસંદગી પામનાર ઉમેદવારોને માસિક રૂ. ૭,૦૦૦/- ના મહેનતાણા સાથે કામગીરી કરવાની રહેશે, જેનું ચુકવણું શાળા અથવા સીઆરસી કો-ઓર્ડિનેટર મારફત કરવામાં આવશે.


રસ ધરાવતા ગ્રેજ્યુએટ યુવાનોએ પોતાની શૈક્ષણિક લાયકાતના ઓરિજિનલ ડોક્યુમેન્ટ્સ અને નકલો સાથે બીઆરસી ભવન, તાલુકા પંચાયતની બાજુમાં, માળિયા-મિયાણા ખાતે સવારે ૧૧ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં (જાહેર રજાના દિવસો સિવાય) રૂબરૂ સંપર્ક કરવાનો રહેશે. શિક્ષણ ક્ષેત્રે પછાત એવા રણ વિસ્તારના બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા માટે સેવાની ભાવના ધરાવતા યુવાનોને આ તકનો લાભ લેવા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.


### અંધેરી નગરી અને ગંડુરાજા... ટકેશેર ભાજી ટકેશેર ખાઝા

# રેલનગરમાં PGVCLના ધાંધીયા અને બીજી બાજુ કોલ સેન્ટરમાં લોલમલોલ




**લાઇટબીલના દસ દિવસ બાદ વિજ કનેકશન કટ કરવા અધિરા બનેલા અધિકારીઓની રહેમ નજર હેઠળ કોલ સેન્ટરમાં ફરજ બજાવતા ટેલીકોલરો ગ્રાહકો સાથે મનમાની કરતા હોવાની ફરીયાદો : રાત્રીના ફરીયાદ કરનાર ગ્રાહકોને ઉલ્લુ બનાવતા હોવાના આક્ષેપ**




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ દ્વારા ગુજરાતમાં લોકોને વિજળી પુરીપાડવાનું કાર્ય કરી રહી છે. પરંતુ જાણે ગ્રાહકોને મફત વિજળી આપતા હોય તેમ પોતાની મનમાની ચલાવી ગ્રાહકો પર મહદ અંશે અત્યાચાર કરતા હોવાનું સામે આવ્યું છે. પીજીવીસીએલના આકરા નિયમોના કારણે અનેક ગ્રાહકો અનેક પ્રકારની મુશ્કેલીઓનો ભોગ બની રહ્યા છે. વિજ બિલના દસ દિવસના સમય બાદ જો બિલ ન ભરાય તો ગ્રાહકનું વિજ કનેકશન કટ કરવા અધિકારીઓ ઉતાવળ કરી તાબડતોબ વિજબિલના નાણાની પઠાણી ઉઘરાણી કરતા હોય તેવું ભુતકાળમાં અનેકવાર જોવા મળી રહ્યું છે. ત્યારે ગ્રાહકો પાસે અપરંપાર અપેક્ષાઓ રાખતા પીજીવીસીએલના અધિકારીઓ ગ્રાહકોની એકપણ પ્રકારની ગ્રાહ્ય સગવડ આપવામાં ચુક કરી રહ્યા છે.

થોડા સમય પહેલા રાજકોટ શહેરમાં પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ દ્વારા કોલ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે અને આ કોલ સેન્ટરમાં બેસતા કોલી ટેલરો દ્વારા ગ્રાહકોને પડતી મુશ્કેલીઓ નિવાડવાનું કાર્ય કરવાનું સોંપવામાં આવ્યું હોય. પરંતુ પહેલાની જેમ પીજીવીસીએલના જાહેર નંબર (ફરીયાદ અંગેનો ટેલીફોન નંબર) પર ગ્રાહક ફરીયાદ કરવા ફોન કરતા ત્યારે ફોનના રીસીવરને સાઇડમાં મુકી દેવાની ભુતકાળમાં અનેક ફરીયાદો ઉદભવી હોય જેના પગલે હાલ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા કોલ સેન્ટર શરૂ કરવામાં આવ્યું હોય. પરંતુ આ કોલસેન્ટરમાં પણ ડીજીટલ યુગનો ટેલીકોલર દ્વારા ભરપુર ઉપયોગ કરી ગ્રાહકોને છેતરવામાં આવી રહ્યા છે.

ગત રાત્રીના માધાપર સબ ડિવિઝનના વિસ્તારમાં આવતા રેલનગર વિસ્તારમાં ગઇકાલે રાત્રીના લાઇટ ગુલ થઇ ગઇ હતી. આ સંબંધે ગ્રાહકો દ્વારા કોલસેન્ટરમાં ફોન કરવામાં આવ્યા હોય જેમાંના એક ગ્રાહકને આ કોલસેન્ટરનો કડવો અનુભવ થયો હતો. રાત્રીના ૭ વાગ્યાની આસપાસ લાઇટ ગુલ થતા ગ્રાહકે કોલ સેન્ટરમાં ફોન કર્યો હોય ત્યારે સામેથી ટેલીકોલર દ્વારા જવાબ મળ્યો હતો કે, સ્ટેટશ ચેક કરી લઉ છું અને ફોન વોલ્ટ પર રાખ્યા બાદ થોડીક ક્ષણોમાં ટેલીકોલર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ૧૦થી ૧૫ મીનીટમાં લાઇટ આવી જશે. ફીડર ટ્રીપ થયો છે. ફરીયાદ લેવાની જરૂર નથી થોડી વારમાં લાઇટ આવી જશે. આ ઘટના બાદ લાઇટ દોઢ કલાક સુધી નહીં આવતા ગ્રાહક દ્વારા અનેકવાર ફરીયાદ કરવા ફોન કરવામાં આવતા ટેલીકોલરો દ્વારા ઉડાઉ જવાબ આપી દેવામાં આવતા હતા અને ગ્રાહક દ્વારા કોલ સેન્ટરના જવાબદાર ઉચ્ચ અધિકારીના ટેલીફોન નંબર માંગતા ટેલીકોલર દ્વારા ગ્રાહકનો ફોન વેઇટીંગના મોડમાં મુકી દઇ બાદમાં કોલ કટ કરી દેવામાં આવતો હતો.

આ ઘટના માત્ર એક જ ગ્રાહક સાથે બની છે પરંતુ આ કોલ સેન્ટરમાં રોજ વિજળી કટ થવાની ફરીયાદ કરતા હજારો ગ્રાહકોને આવો કડવો અનુભવ થતો હશે. પરંતુ પીજીવીસીએલના અધિકારી સુધી આ વાત ગ્રાહકો ન પહોંચાડી શકતા કોલ સેન્ટરમાં બેસતા ટેલીકોલરો પોતાની મનમાની કરી કોલ સેન્ટર લોલમલોલ ચલાવી રહ્યા હોવાની ઘાટ જોવા મળી રહ્યો છે.

# સમ્રાટ ઇન્ડસ્ટ્રીઝ એરીયામાં ડુપ્લીકેટ સ્કૂલ બેગનું કારખાનું ઝડપાયું




**કંપનીના ઓર્થોરાઇઝ રીપ્રેઝેન્ટેટીવ નોઇડાના અધિકારીએ ફરીયાદ નોંધાવતા પટેલ કારખાનેદાર સામે ગુન્હો નોંધાયોઃ રૂ.૮૫૭૦૦નો મુદ્દામાલ કબ્જે**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતમાં અનેક પ્રકારની જીવનજરૂરી ચીજ-વસ્તુઓનું ડુપ્લીકેસન થઇ રહ્યું છે અને જવાબદાર તંત્ર દ્વારા પણ આવા લોકો સામે લાલઆંખ કરી કાર્યવાહી કરવામાં આવી રહી છે ત્યારે રાજકોટમાં આવેલા સમ્રાટ ઇન્ડ્ટ્રીઝ એરીયામાં કંપનીની ડુપ્લીકેટ સ્કૂલ બેગ બનાવવાનું કારખાનું ઝડપાતા પટેલ કારખાનેદાર સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ દેશમાં નામાકિત કંપની દ્વારા બનાવવામાં આવતી સ્કૂલ બેગનું રાજકોટમાં ડુપ્લીકેશન થતું હોવાની ફરીયાદોના પગલે નોઇડા સેકટર-૧૬૮ સનવર્લ્ડ અરીસ્થા ટાવરમાં રહેતા અને નામાંકિત કંપનીના ઓર્થોરાઇઝ રીપ્રેઝેન્ટેટીવ તરીકે નોકરી કરતા નકીબ મનજુર હુસેન નવાબએ માલવીયાનગર પોલીસ મથકમાં લેખીતમાં ફરીયાદ કરી હતી કે, સમ્રાટ ઇન્ડ્ટ્રીઝ એરીયા શેરી નં.૩માં આવેલ સન બેગ્સ પ્રા. લી. નામના કારખાનામાં અમીતકુમાર રમેશભાઇ કગથરા (રહે.તાપશ સોસાયટી, નાનામોવા રોડ, રાજકોટ) નામનો પટેલ શખ્સ પોતાના સન બેગ પ્રા. લી. નામના કારખાનામાં ગેરકાયદે ડેન્સી ઇન્ટરપ્રીન્ટ ઇન અને મારવેલ કેરેકટર ઇન નામની નામાંકિત કંપનીના ડુપ્લીકેટ સ્ટીકર, લેબલ બનાવી તે સ્ટીકર અને લેબલ સ્કૂલ બેગમાં ઉપયોગ કરી અલગ-અલગ સ્કૂલવાળાઓને બેગ નંગ ૪૫૬૦ તથા સ્પાઇડરમેન સ્ટીકર, લેબલ નંગ ૧૬૦૦ તથા બેગ પ્રાઇઝ ટેગ નંગ ૧૦૦ મળી કુલ ૪ લાખનો મુદ્દામાલ તથા અલગ-અલગ મશીનરીઓ અને સીપીયુ દ્વારા વેચાણ અર્થે ડુપ્લીકેટ માલ બનાવતો હોવાની ફરીયાદ કરી હોય જેના પગલે માલવીયાનગર પોલીસ મથકના પીએસઆઇ સી.પી.રાઠોડ સહિતના સ્ટાફે ઉપરોકત કારખાનામાંથી રૂ.૮૫૭૦૦નો મુદ્દામાલ કબ્જે લઇ કારખાનેદાર પટેલ શખ્સની અટકાયત કરી છે.

# ત્રંબા ગામે મંદિરના પૂજારીનો ગળાફાંસો ખાઇ આપઘાત

**સરના ફોર્મમાં નામો લખવામાં પરિવારની યાદ આવતા ચિઠ્ઠી લખી આત્મહત્યા કરી**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાજેતરમા મતદાર યાદી સુધારણામાં મતદારોની હયાતી, રહેણાંકની ખાત્રી તેમના પરિવારજનોના પુરા નામ સરનામા સહિતની વિગતો ફોર્મમાં ભરવાની હોય છે. આવી જ કામગીરી અંતર્ગત એક ટીમ ત્રંબા ખાતે આવેલા હનુમાનજીના મંદિર ખાતે પહોંચી હતી. જ્યાં વર્ષોથી રહી સેવા પૂજા કરતાં પૂજારીએ પણ સરના ફોર્મમાં પરિવારજનોની વિગતો ભરવાની વાત જાણી હતી. પચ્ચીસ વર્ષ પહેલા પોતે ઘરસંસાર છોડીને નીકળી ગયા હોઇ હવે આ કામગીરીને પગલે ફરીથી તેમને પરિવારજનોની યાદ આવતાં આ કારણે તેણે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો છે. આ અંગેની નોંધ તેમને ચિઠ્ઠીમાં પણ કરી છે!

આ અંગે જાણવા મળ્યા મુજબ ત્રંબામાં આવેલા જુના પાદર હનુમાનજી દાદાની જગ્યા-મંદિરમાં વર્ષોથી રહી સેવા-પૂજા કરતાં મુળ હરિયાણાના શિવરામદાસ ઉદયરામ વૈષ્ણવ (ઉ.વ.૫૫)એ સાંજે મંદિરના રૂમમાં પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સાંજે એક સેવક મંદિરે આટો મારવા આવ્યા ત્યારે પૂજારી ઉદયરામ મંદિરમાં જોવા ન મળતાં તે મંદિર પટાંગણના પૂજારીના રૂમ તરફ ગયા હતાં. ત્યાં દરવાજો બંધ હોઈ ખખડાવવા છતાં નહિ ખોલાતાં ટ્રસ્ટીઓ સહિતને જાણ કરી હતી. ગામલોકો પણ દોડી ગયા હતાં.બધાએ મળી દરવાજો તોડીને જોતાં અંદર પૂજારી ઉદયરામ વૈષ્ણવ લટકતા જોવા મળતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. તુરત જ ૧૧૨ અને ૧૦૮ને જાણ કરવામાં આવતાં પોલીસ પહોંચી હતી. ૧૦૮ના ઇએમટી તબીબે પૂજારીને મૃત જાહેર કરતાં આજીડેમ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો.

ટ્રસ્ટીઓના જણાવ્યા મુજબ આપઘાત કરનાર ઉદયરામ પચ્ચીસ વર્ષ પહેલા સંસાર છોડી ચુક્યા હતાં. તેમના પરિવારજનો હરિયાણામાં રહે છે. પોતે વર્ષોથી અહિ જ મંદિરે રહી સેવા પૂજા કરતાં હતાં.

તાજેતરમાં મતદાર નોંધણી અંતર્ગત સરની કામગીરી શરૂ થઇ તેમાં પૂજારીને અપાયેલા ફોર્મમાં તેમના પરિવારજનોના નામ પણ લખવાના હોઈ તેમને પોતાના પરિવારજનોની યાદ આવી હતી. આ કારણે ઉદાસ થઇ ગયા હતાં અને તેના કારણે આપઘાત કરી લીધો હતો.

તેમણે લખેલી ચિઠ્ઠીમાં આ વાતનો ઉલ્લેખ છે. ગામના લોકોએ પોતાને ખુબ મદદ કરી હોવાની અને પોતાને કોઇ પ્રત્યે રાગદ્વેષ નહિ હોવાનું તેમજ સરની કામગીરીનું ફોર્મ ભરતી વખતે પોતાને સગા પરિવારની યાદ આવતાં દુખી થઈ જવાથી પગલુ ભરી રહ્યાનું પણ તેમણે ચિઠ્ઠીમાં લખ્યું છે. આ બનાવથી ગામમાં શોક ફેલાયો છે.

# રેસકોર્ષના લવ ગાર્ડનમાં પતિ સાથે વોકિંગ કરતી મહિલાની સરાજાહેર છેડતી કરતો શખ્સ ઝડપાયો

**પ્ર. નગર પોલીસમાં મહિલાએ રૈયાધારના શખ્સ વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે સકંજામાં લઇ કાર્યવાહી હાથ ધરી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા એક વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષીય મહિલા તેના પતિ સાથે રેસકોર્ષના લવ ગાર્ડનમાં ગઇકાલે સાંજના વોકિંગ કરી રહી હતી ત્યારે રૈયાધારના એક શખ્સે તેણીનો પીછો કરી પાછળથી શારીરીક હુમલો કરી મહિલાના પ્રાઇવેટ પાર્ટ પર હાથ ફેરવી છેડતી કરતા પ્ર.નગર પોલીસમાં ફરીયાદ નોંધાયા બાદ પોલીસે આ શખ્સને સકંજામાં લઇ વુધ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જામનગર રોડ પરના એક વિસ્તારમાં રહેતી ૩૩ વર્ષીય સીંધી મહિલાએ પ્ર.નગર પોલીસમાં રૈયાધાર વિસ્તારમાં રહેતો વિજય નાનજી કુવરીયા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, ગઇકાલે સાંજના સમયે મહિલા તેના પતિ સાથે રેસકોર્ષના લવ ગાર્ડનમાં વોકિંગ કરી રહી હતી. ચાલતા-ચાલતા તેણી આગળ નિકળી જતા અને તેનો પતિ પાછળ રહી ગયો હોય ત્યારે વિજય નાનજી કુવરીયા પાછળથી આવી મહિલાને ગળાના ભાગે પકડી મોઢા ઉપર હાથ દબાવવી મહિલાએ પહેરેલ કપડા પર હાથ ફેરવી મહિલાના પ્રાઇવેટ પાર્ટ ઉપર હાથ ફેરવી તેણીની છેડતી કરી પછાડી દીધી હતી. મહિલાએ બુમાબુમ કરતા અન્ય લોકોના ટોળા ભેગા થઇ ગયા હોય ત્યારે આ શખ્સ વિજય કુવરીયાને લોકોએ દબોચી લઇ પોલીસને જાણ કરતા પ્ર.નગર પોલીસ મથકના એએસઆઇ આનંદભાઇ પરમાર સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી જઇ આરોપીને સકંજામાં લઇ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટની બજારો પિચકારી, રંગ અને ગુલાલથી ધમધમી ઉઠી




તસવીર : ગૌરવ લક્ષ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રંગોના તહેવાર હોળી અને ધૂળેટી નજીક આવતાં રાજકોટ શહેરમાં ઉત્સાહ ચરમસીમાએ પહોંચ્યો છે. શહેરના સદર બજાર, ધર્મેન્દ્ર રોડ, બાપા સીતારામ ચોક સહિતના વિસ્તારોમાં કલર અને પિચકારી ખરીદવા લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. બજારમાં દિવસભર ભીડ જામતા વેપારીઓના ચહેરા પર પણ ખુશીની ઝલક જોવા મળી રહી છે. આ વર્ષે પિચકારી સાથે સાથે વિવિધ રંગો, ગુલાલ અને વોટર કલરની માંગમાં નોંધપાત્ર વધારો થયો છે. બાળકો, યુવાનો તેમજ પરિવારજનો ધૂળેટી માટે રંગો અને પિચકારી ખરીદવામાં વ્યસ્ત બન્યા છે. ખાસ કરીને કાર્ટૂન ડિઝાઇનવાળી, પ્રેશર પંપ અને મોટી ટાંકાવાળી પિચકારીઓ લોકોની પસંદ બની છે. માગ વધતાં પિચકારી અને રંગોના ભાવમાં અંદાજે ૧૦થી ૧૫ ટકા જેટલો વધારો નોંધાયો છે, છતાં ખરીદીમાં કોઈ ઘટાડો જોવા મળતો નથી. પિચકારીના ભાવ રૂ. ૧૦૦થી શરૂ થઈને રૂ. ૪,૦૦૦ સુધી છે, જ્યારે રંગો અને ગુલાલ રૂ. ૫૦થી રૂ. ૫૦૦ સુધીના પેકમાં ઉપલબ્ધ છે. શહેરના બજારોમાં બાળકો રંગબેરંગી પિચકારી અને કલર પસંદ કરતાં જોવા મળ્યા. કાર્ટૂન પાત્રોવાળી પિચકારી અને તેજસ્વી રંગો બાળકોને ખાસ આકર્ષી રહ્યા છે. શાળાઓમાં રજા હોવાથી બાળકો સાથે માતા-પિતા પણ ખરીદી માટે બજારમાં ઉમટી પડ્યા છે.

# કાલાવડ રોડ પર એસ્ટેટ બ્રોકર પ્રૌઢ પર એકેડમીના માલિક સહિતના શખ્સોનો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહિલા કોલેજ પાછળ કૃષ્ણકુંજ બંગલોમાં રહેતા એસ્ટેટ બ્રોકર આધેડને કાલાવડ રોડ પર આવેલી ચહલ એકેડેમીના સંચાલકે ભાડાના મકાનના પાણી પ્રશ્ને બેફામ મારમાર્યો હતો. આ હુમલામાં આધેડને નાકમાં ફ્રેકચર થઈ ગયું હતું. જે અંગે તેમણે માલવિયાનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આ બનાવ અંગે મહિલા કોલેજ પાછળ સેતુબંધ સોસાયટી મેઈન રોડ પર કૃષ્ણકુંજ બંગલોમાં રહેતા અને ઘરે જ મહારાજ પ્રોપર્ટી નામની એસ્ટેટ બ્રોકરની ઓફિસ ધરાવનાર અક્ષયભાઈ કૃષ્ણકાંતભાઈ જોશી (ઉ.વ.૪૯) એ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે નિરવ ભટ્ટ તથા સુધિરના નામ આપી જણાવ્યું હતું કે, દસેક મહિના પહેલાં તેણે એકેડેમીના માલિક નિરવને તેના સ્ટાફને રહેવા માટે પોતાની સોસાયટીમાં મકાન ભાડે અપાવ્યું હતું. બે મહિના પહેલાં સિવેજના પાણી બાબતનો પ્રશ્ન ઉભો થતાં તેણે આરોપીનો સંપર્ક કર્યો હતો.તેમજ મકાન માલિક અને આરોપીને વાતચીત કરાવી દીધી હતી.

ત્યારબાદ નિરવે ગઈ તા.૧૮-૧૨ ના ધમકીભર્યા ફોન અને રેકોર્ડિંગ મોકલ્યા હતા અને વારંવાર વાત કરવાનું કહેતા હતાં. આરોપીએ તેને ફોન કરી મકાનના પ્રશ્ન બાબતે વાત કરતાં ફરિયાદીએ કહ્યું હતું કે,

હવે આઠ મહિના પછી મકાનના પ્રશ્ન બાબતે હું જવાબદાર નથી. જેથી તેણે હું તમારા ઘરે આવું છું કહેતા તેણે આરોપીને આવવાની ના પાડી હું તમારી ઓફિસે આવું છું ત્યાં વાતચીત કરશું તેવું કહ્યું હતું.

તે આરોપીની ઓફિસે જતાં બંને આરોપીઓએ આજે તો તને મારવો જ છે કહી ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતાં. એટલું જ નહીં ત્યાં હાજર અન્ય વિદ્યાર્થીઓએ પણ મારકૂટ કરતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. આરોપીએ કરેલા આ હુમલામાં આધેડને નાકમાં ફ્રેકચર જેવી ઇજા પહોંચી હતી. બનાવ અંગેની ફરિયાદ પરથી માલવીયાનગર પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# રૈયાધારના શાંતિનગરમાં મહિલાનો ફાંસો ખાઇ આપઘાત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધાર શાંતિનગર ગેઈટમાં એપાર્ટમેન્ટમાં રહેતાં એક મહિલાએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો છે. વ્યાજની ઉઘરાણી માટે હેરાનગતી હોવાનો આક્ષેપ થતાં તપાસ શરૂ કરવામાં આવી છે.

જાણવા મળ્યા મુજબ શાંતિનગર ગેઈટમાં આવેલા શ્યામલ એપાર્ટમેન્ટમાં પહેલા માળે રહેતાં ક્રિષ્નાબેન અર્પિતભાઈ ગોસાઈ (ઉ.વ.૪૩) નામના મહિલાએ સવારે ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઈ છે. આપઘાત કરનારા ક્રિષ્નાબેનના પતિ અર્પિતભાઈ ગોસાઈ ડ્રાઈવીંગ કરી ગુજરાન ચલાવે છે. પતિ સવારે ઘરે નહોતાં. પાડોશીએ દરવાજો મોડે સુધી બંધ જોતાં ખખડાવવા છતાં નહિ ખોલાતાં બીજા લોકોને એકઠા કરી દરવાજો તોડીને જોતાં અંદર ક્રિષ્ના બેન લટકતાં મળતાં ૧૦૮ બોલાવી હતી. તેના તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશના હેડકાન્સ. યુવરાજસિંહે જરૂરી કાર્યવાહી કરી હતી.

પ્રાથમિક તપાસમાં ખુલ્યાજ મુજબ ક્રિષ્નાબેન ઘરમાં મદદરૂપ થવા માટે રસોઈ કામ અને વૃધ્ધાઓને માલીશ કરવાનું કામ કરતાં હતાં. કોરોના કાળમાં પતિને દેણુ થઈ જતાં સાસુએ મકાન વેંચી દેણું ભર્યું હતું. પણ હાલમાં ફરીથી દેણુ થઈ જતાં અને વ્યાજ ચડી જતાં વ્યાજખોરો ઘરે આવી ધમકી આપતાં હોઇ કંટાળી જઈ ક્રિષ્નાબેને પગલુ ભર્યું હતું. પોલીસે વિશેષ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ-મોરબી હાઇ-વે પર ટેન્કર અને લકઝરી બસ વચ્ચે અકસ્માતઃ ૫ કલાક સુધી ટ્રાફિક જામ

**બેડી ચોકડી પાસે યુપીના ૪૫ યાત્રાળુ ભરેલી બસને અકસ્માત નડ્યોઃ સદ્નસીબે જાનહાની ટળી**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-મોરબી હાઈવે બેડી ચોકડી પાસે વહેલી સવારે ટેન્કર અને ઉત્તરપ્રદેશના ૪૫ પાત્રાળુઓ ભરેલી લક્ઝરી બસ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બંને વાહનોના આગળના ભાગનો કુરચો બોલી ગયો હતો પરંતુ સદ્નસીબે તમામ યાત્રાળુઓનો ચમત્કારિક બચાવ થયો છે.

યુપીથી સૌરાષ્ટ્રના તીર્થધામોના દર્શને આવેલા ૪૫ જેટલા યાત્રાળુઓ દ્વારકાધીશના દર્શન કરી પરત ફરી રહ્યા હતા ત્યારે બેડી ચોકડી પાસે પુરપાટ ઝડપે આવતા ટેન્કરે બસને ઠોકર મારી હતી. અકસ્માતને કારણે હાઈવે પર બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

બેડી ચોકડીથી છેક ગવરીદળ સુધી ટ્રાફિક જામ થતા ટુ-વ્હીલર સહિતના અસંખ્ય વાહનો ફસાયા હતા. ઘટનાની જાણ થતા જ ૨૦થી વધુ પોલીસ કર્મીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને સતત ૫ કલાકની જહેમત બાદ ટ્રાફિક હળવો કરાવ્યો હતો.